# બ્રીજસેલ

| અપીલ નંબર/ વર્ષ | માહિતીની વિગત | અપીલ હુકમ નં. અને તારીખ |
|---|---|---|
| ૧<br>૨૦૧૨–૧૩ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા ભટાર ચાર રસ્તા અને દિલ્હીગેટ ફલાય ઓવર બ્રીજ અંગેની ઈજારદારની આપેલ માહિતી અધુરી નહીના બરાબર માહિતી મળેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે અપીલ કરેલ છે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧/૧<br>તા.૧૬/૫/૧૨ |
| ૨<br>૨૦૧૨–૧૩ | અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૪/૬/૧૨ના રોજ અરજીનાં જવાબથી નારાજ થઈ અપીલ કરેલ છે.,જેમાં, **"મુદ્દા નં.૧** માં ખરવર નગર, દિલ્હીગેટ, અને અડાજણ સરદાર બ્રીજ પાસે બની રહેલ ત્રણ જેટલા બ્રીજની પ્રથમ ઠરાવમાં પુર્ણ કરવાની તારીખ અને રકમ તે જે ઠરાવ થયેલ તે મુજબ કામગીરી થયેલ હોય કે ન થયેલ હોય તેની કારણો સહિતની સંપુર્ણ માહિતી તથા **મુદ્દા નં.૪** માં આ ત્રણેય બ્રીજના ઈજારદારના નામ, તથા તેઓએ સમયમર્યાદામાં કામો પુર્ણ કરેલ ન કરેલ તથા તેઓ વિરૂઘ્ધ થયેલ કાર્યવાહી, અપાયેલ નોટીસ અથવા બ્લેક લીસ્ટ કરેલ હોય તથા અન્ય કોઈ કાર્યવાહી થયેલ ન થયેલ વિગતવાર સંપુર્ણ માહિતી અધુરી આપેલ તથા જાહેર માહિતી અધિકારી સામે પગલાં ભરવા બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ/હુકમ/આ./૦૨<br>તા.૨૬/૭/૧૨ |
| ૩<br>૨૦૧૨–૧૩ | અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૪/૬/૧૨ના રોજ અરજીનાં જવાબથી નારાજ થઈ અપીલ કરેલ છે.,જેમાં, મુદ્દા નં.૧ ની માહિતી નહી પુરી પાડી તથા ચુકવાયેલ રકમની અલગ અલગ વિગતો તથા મંજુર કરનાર અધિ.ના નામ હોદ્દા સહિત સંપુર્ણ માહિતી વિનામુલ્યે પુરી પડાવવી, માહિતી છુપાવનાર જા.મા.અ.વિરૂઘ્ધ પગલાં ભરવાં, માહિતી અધુરી પુરી પાડી હોવાથી આ અપીલ કરવાની ફરજ પડેલ છે.જેથી અમોને થયેલ ખર્ચ અને હેરાનગતિ બદલ યોગ્ય વળતર ચુકવવા સહિતની દાદ આપવા વિનંતી. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ/હુકમ/આ./૦૩<br>તા.૨૬/૭/૧૨ |
| ૪<br>૨૦૧૨–૧૩ | અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ ધ્વારા તા.૦૨/૭/૧૨ના રોજ અરજીનાં જવાબથી નારાજ થઈ અપીલ કરેલ છે., જેમાં, "મુદ્દા નં.૫ ના " બ્રીજ(પુલ) પર જે સોડીયમ લાઈટ મુકવાની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડેલ છે જયારે સુરતના દરેક બ્રીજ(પુલ) પર લાઈટો / મુકવામાં આવેલ હોય તો આ પુલ પર શા માટે નહી અને જે માહિતી આપવામાં આવેલ છે.જે ગળે ઉતરે તેમ નથી."તે બાબતે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૦૪<br>તા.૧/૮/૧૨ |
| ૫<br>૨૦૧૨–૧૩ | અરજદાર શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલ ધ્વારા મુળ અરજીમાં પ્રશ્ન નં.૩, પુર્વ ઝોન વરાછા વિસ્તારમાં કલાકુંજ સોસાયટી પાસે ફલાય ઓવર બ્રીજ કે ખાડી પુલ બાંધવાથી કઈ મિલ્કતોને કે પ્લોટોને નુકશાન થશે ? તથા પ્રશ્ન નં.૪ :– સદર ફલાય ઓવર બ્રીજ કે ખાડી પુલની " સેન્ટર લાઈન" કયાંથી કેવી રીતે નકકી કરેલ છે. જે અંગેની માહિતીનાં જવાબ થી નારાજ થઈ અપીલ કરેલ છે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૦૬<br>તા.૧૬/૮/૧૨ |
| ૬<br>૨૦૧૨–૧૩ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા ગુજરાત ગેસ સર્કલ બ્રીજની કામગીરી પરિપુર્ણ કર્યા પહેલા જ ૪.૯૦ કરોડ રૂા.નું ડેવીએશનની રકમ સ્થાયી સમિતિનાં અઘ્યક્ષશ્રીએ મંજુર કરવા અંગેના મુદ્દા નં.૧ થી ૧૧ અંગેની માહિતીની નકલો મેળવવા બાબતે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૬/૧<br>તા.૧૭/૮/૧૨ |

| | | |
|---|---|---|
| ૭<br>૨૦૧૨–૧૩ | અરજદાર શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈની તા.૨૪/૯/૧૨ ની અપીલ અરજીમાં મુદ્દા નં.૩ :– કલાકુંજ ખાડી બ્રીજ બજેટમાં આવરી લેવામાં આવ્યો છે તો તેનું બાંધકામ કેટલા સમયગાળામાં શરૂ કરવાના છો ? તે વિશે ચોકકસ માહિતી આપવા બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૭<br>તા.૯/૧૦/૧૨ |
| ૮<br>૨૦૧૨–૧૩ | અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની મુદ્દા નં. ૧ થી ૪ સંદર્ભે વિવિધ વિકાસોના કામોની દરખાસ્તની માહિતી વિગેરે આપવા બાબતે. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૮<br>તા.૨૧/૧/૧૩ |
| ૯<br>૨૦૧૨–૧૩ | અરજદારશ્રી શ્રી ઝમીર ઝેડ. શેખની અપીલનાં મુદ્દા નં.૧ થી ૫ અંગે કેબલ સ્ટે બ્રીજ બાંધવા અંગે જરૂરી કાર્યવાહી કરી નકલો આપવા બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧૦<br>તા.૧૫/૩/૧૩ |
| ૧૦<br>૨૦૧૨–૧૩ | અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અપીલ અરજીમાં હજીરા રોડ પરનાં અડાજણ ગેસ સર્કલ ઓવર બ્રીજનાં અધુરી કામગીરી કરેલ હોવા છતાં ડેવીએશન ચુકવવા અંગેની માહિતી તથા આ કામે આવેલ કુલ ૩ ટેન્ડરરો પૈકી બાકી રહેલ બે ટેન્ડરોની દરખાસ્તની માહિતી તથા ઈજારદાર સાથે કરેલ કરારનામાની નકલ બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૦૯<br>તા.૧૪/૩/૧૩ |
| ૧૧<br>૨૦૧૨–૧૩ | આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી દિલીપભાઈ ચીમનલાલ જી.સાહેબની તા.૨૭/૧૨/૧૨ની અરજી અત્રેનાં ખાતાને તા.૧/૧/૧૩ના રોજ મળેલ છે. જેમાં અરજદાર ધ્વારા લાલ દરવાજા – પટેલ વાડી નં.૩ માં પડી રહેલ મશીનરી અને બાંધકામ મટીરીયલ્સ બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧૧<br>તા.૨૨/૩/૧૩ |

# હુકમ નં.૧

**અપીલ અરજી નં.:**– એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૧/૨૦૧૨–૧૩, તા.૨૦/૪/૨૦૧૨.

**અરજદાર :**– શ્રી નરેશભાઈ બથવાર

**સામાવાળા:**–એપેલેટ ઓફિસર અને ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી (બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :**–

**વિષય :**– આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૦/૪/૧૨ની નં.સી.સી.સી./ઝોન/આ./૮૦ અરજી સેન્ટ્રલ ઝોન/આર.ટી.આઈ./૨૨૨ તા.૨૫/૪/૧૨ હસ્તક અત્રેનાં ખાતાને તા.૨૬/૪/૧૨ ના રોજ મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૫ માં બ્રીજસેલ ખાતાને સંલગ્ન મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદારની આઈ.ડી.નં.૧૯૯૬ તા.૧૨/૩/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૨૦/૪/૧૨ ની પ્રથમ અપીલ નં.SMC/FAP/BRIDGE CELL/01/2012-13

**શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૦/૪/૧૨ ની અપીલ અરજીનાં મુદ્દાઓ,**

**મુદ્દા નં.૧ :**–ભટાર ચાર રસ્તા પર ફલાય ઓવર બ્રીજની કામગીરીનું ટેન્ડર સ્થા.સ.નાં અધ્યક્ષશ્રી ધ્વારા રણજીત બિલ્ડકોન કંપનીનુ લોએસ્ટ રૂા.૨૬.૯૪ કરોડ મંજુર કરવામાં આવેલ.પરંતુ રણજીત બિલ્ડકોન કંપનીએ ભુતકાળમાં અમરોલી બ્રીજનું કામ ૨૪ માસની જગ્યાએ ૩૯ માસમાં બ્રીજની કામગીરી પરિપુર્ણ કરેલ પરંતુ પહેલા અમરોલી બ્રીજનો એક સ્પાન પડવાથી એક મજુરનું મુત્યુ થયેલ અને ૧૧ વ્યકિતઓને ઈજા થયેલ જેની વિરૂઘ્ઘ ફોજદારી ફરીયાદ કમિશ્નરશ્રી, મેયરશ્રી, અઘ્યક્ષશ્રી કે સુ.મ.પા.કોઈપણ અધિકારીએ ન કરવાથી કતારગામ પોલીસ સ્ટેશનનાં અધિકારી ફરીયાદી બનીને રણજીત બિલ્ડકોન માલિકો અને કંપનીના ડીરેકટરોને ભાંગેડું જાહેર કરેલ અને તેમના પુત્રની ધરપકડ કરેલ. જે ફોજદારી ફરીયાદ અને ૩૯ માસમાં કામગીરી પરિપુર્ણ કરેલ જેને રાખયા વગર કે ઘ્યાનમાં લીધા વગર પછી પણ લોએસ્ટ ટેન્ડર હોવાથી સદર કામની મંજુરી આપ્યા અંગેની માહિતીની નકલ.

**મુદ્દા નં.૨ :**– દીલ્હીગેટ ફલાય ઓવર બ્રીજમાં ઈજારદારે ૨૮ કરોડ રૂા.નાં ડેવીએશનની માંગણી દરખાસ્ત સ્થા.સ.ઠ.ની નકલ મુકેલ પરંતુ સ્થા.સ.ઠ.નાં અઘ્યક્ષશ્રીએ સદર દરખાસ્ત– માંગણીને બરખાસ્ત કરી ફગાવી દીધેલ જેથી હાલમાં સદર ઈજારદારે સુ.મ.પા.નાં કમિશ્નરશ્રી અને મેયરશ્રીને નોટીસ પાઠવેલ છે. પરંતુ સ્થા.સ.ઠ.નાં અઘ્યક્ષશ્રીને નોટીસ પાઠવી નથી મજકુર નોટીસ સુ.મ.પા.નાં લીગલ એડવાઈઝર એડવોકેટ શ્રી પ્રશાંત દેસાઈનાં લીગલ ઓપીનીયન જે રજુ કરેલ છે. જે અંગેની **માહિતીની નકલ** તથા ફકત એક બે નોટીસથી ૨૮ કરોડ રૂા.ઈજારદારને શહેરીહીતના નાંણા ચુકવી શકાય નહી. ઈજારદારે ૨૮ કરોડ લેવા હોય તો કોર્ટમાં જાય જે અંગેની **માહિતીની નકલ.**

અરજદારે અધુરી નહીના બરાબર માહિતી મળેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે અપીલ કરેલ છે.

જે સંદર્ભે બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ રજુઆત પણ રજુ કરવા તા.૨૬/૪/૧૨ થી અપીલ અધિકારી(બ્રીજ)એ તમામ વિગતો મંગાવેલ.જે બ્રીજસેલ/આર.ટી.આઈ./ ઇનવર્ડ / નં.૧/૧ તા.૪/૫/૧૨ થી પુર્તતા રીપોર્ટ સહીત મોકલેલ જાહેર માહિતી અધિકારીશ્રી (બ્રીજ) ના જણાવ્યા મુજબ અરજદારને તેમની માંગણી મુદ્દા નં.૧ અંગે અરજદારે માંગેલ સુરત – નવસારી મેઈન રોડથી મગદલ્લા તથા ડુમસ તરફ જતા, ઉધના– મગદલ્લા રોડ પર એવરશાઈન સર્કલ(ભટાર ચાર રસ્તા) પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનાં કામે સૌથી ઓછા ભાવનાં ટેન્ડરના ટેન્ડરર રણજીત બિલ્ડકોન, અમદાવાદનું ટેન્ડર સ્વીકારવાનું કામ અંગે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૯/૩/૧૨ નાં રોજ મળેલ સામાન્ય સભામાં મંજુર થયેલ ઠરાવ નં.૪૧૫ / ૨૦૧૨ ની નકલ તથા મુદ્દા નં.૨ અન્વયે એટવોકટ શ્રી પ્રંશાત જી.દેસાઈનાં લીગલ ઓપીનીયનના કુલ પાના નંગ–૪ જે અરજદારની માંગણી મુજબ અરજદાર પાસેથી માંગેલ માહિતીનાં નકલ ચાર્જીસનાં રૂા.૧૦/– કુલ પાના નં.૫ (પાંચ) સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટરમાં તા.૨૯/૩/૧૨ ના રોજ રશીદ નં.૨૧૨૫૦૪ થી અરજદારે ભર્યેથી નિયત સમયમર્યાદામાં અરજદારને તેઓએ માંગેલ માહિતીની નકલો આપવામાં આવેલ. આમ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પ્રાપ્ય માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

અરજદારની અપીલ અરજી નં. એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૧/૨૦૧૨–૧૩, તા.૨૦/૪/૨૦૧૨ અન્વયે અપીલ અધિકારી તરફથી અરજદાર શ્રી નરેશભાઈ નાનજી બથવારને તેમની અપીલ અન્વયે તેમની રજુઆત તથા તેમનો પક્ષ રજુ કરવા રૂબરૂ તા.૧૧/૫/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા સારૂ, પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/૦૧ તા.૪/૫/૨૦૧૨ થી જાણ કરવામાં આવેલ અને તેજ રીતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ)ને પણ તેમની રજુઆત કરવા સારૂ નિર્ધારીત સમયે હાજર રહેવા અંગે જાણ કરવામાં આવેલ. આમ, તા.૧૧/૫/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી અને ઈ.ચા.કાર્યપાલક ઈજનેર(બ્રીજ)ની કચેરી રૂમ નં.૧૧૭ માં અરજદારની અપીલ અન્વયે અપીલ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. પરંતુ અરજદાર શ્રી નરેશભાઈ બથવાર તા.૧૦/૫/૧૨ નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે બ્રીજસેલ ઓફિસમાં આવી અપીલની તારીખે પોતે હાજર રહી શકે તેમ ન હોવાનું જણાવી લેખિતમાં પોતેની રજુઆત અંગે પત્ર આપી ગયેલ. જે બ્રીજસેલ આર.ટી.આઈ.અપીલ /ઈનવર્ડ/૧/૨ તા.૧૦/૫/૧૨ થી દફતરે નોંધવામાં આવેલ.મજકુર પત્રમાં અરજદારે, **" આપશ્રીની કચેરીનાં વિભાગ ધ્વારા જેને કોન્ટ્રાકટ/ ઈજારો આપેલ – ફાળવેલ હોય તેની ફકત માહિતીની નકલ અને એ ઈજારો આપનારની માહિતીની નકલ આપવા વિનંતી છે. પરંતુ અમો અરજદારના ડોકયુમેન્ટ જોતાં, સદર માહિતી અમો અરજદાર મળેલ છે."** જે મુજબનું લખાણ અરજદારના પત્રમાં છે.

ઉપરોકત હકીકતે, તા.૧૧/૫/૨૦૧૨ ના રોજ સાજે ૪ : ૦૦ કલાકે અપીલ અધિકારીની કચેરીમા અપીલ અધિકારી સમક્ષ જાહેર માહિતી અધિકારી રૂબરૂ હાજર રહેલ.અરજદાર હાજર રહેલ નહી. અરજદારનો તા.૧૦/૫/૨૦૧૨નો પત્ર અપીલ અધિકારી સમક્ષ અરજદારની રજુઆત રૂએ રજુ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીએ પોતાની રજુઆતમાં જણાવેલ કે," અરજદારે માંગેલ માહિતી ખાતાનાં પ્રાપ્ય રેકર્ડ મુજબ તેઓને સમયમર્યાદામાં આપવામાં આવેલ છે. તેમછતાં, અરજદારને જો કોઈ અસંતોષ હોય તો તે બાબતે તેઓના સ્પષ્ટ જણાવ્યેથી માહિતી પુરી પાડવામાં આવશે." આમ, તા.૧૧/૫/૨૦૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી તથા ખાતાના હેડ કલાર્કની હાજરીમાં અપીલ અધિકારીની કચેરીમાં અપીલ અધિકારી સમક્ષ અપીલ અંગેની કાર્યવાહી ચલાવવામાં આવેલ.

આમ, અરજદારનો પત્ર તથા જાહેર માહિતી અધિકારી તરફથી રજુ કરવામાં આવેલ. અપીલ સંદર્ભે તેઓનાં લેખિત પુરાવા સહિત પુર્તતા રીપોર્ટ તથા તેઓએ રજુ કરેલ માહિતી અંગેનાં દસ્તાવેજો જોતાં, અપીલ અધિકારી તરફથી મજકુર અરજદારની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨/૩/૧૨ ની આઈ.ડી.નં.૧૯૯૬ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયતસમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.અને અરજદારશ્રી નરેશભાઈ નાનજી બથવારે પોતાનાં તા.૧૦/૫/૧૨ ના પત્ર નં. બ્રીજસેલ આર.ટી.આઈ.અપીલ /ઈનવર્ડ/૧/૨ થી પોતાને આપેલ દસ્તાવેજો મળી ગયેલ હોવાની, લેખિત રજુઆત કરેલ છે. જે જોતાં, અરજદારને તેઓની મુળ અરજીમાં જણાવેલ મુદ્દા નં.૧ અને ૨ જે બ્રીજસેલ વિભાગને સંલગ્ન છે. તે સંદર્ભે ઉપલબ્ધ માંગણી મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપી દેવામાં આવેલ હોય, અરજદારે કરેલ અપીલ દફતરે કરવામાં આવે છે. આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને ઈ.ચા.કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી જે.એન.મહીડા,બ્રીજસેલ.......
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, ૧૨/૨૩૭૩,
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......
(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............

# હુકમ નં.૨

**અપીલ અરજી નં.**:– એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૨/૨૦૧૨–૧૩, તા.૧૪/૬/૨૦૧૨.

**અરજદાર** :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ

**સામાવાળા** :– એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી.(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત** :–

**વિષય** :– આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૪/૬/૨૦૧૨ની નં.બ્રીજસેલ/અપીલ અરજી / ઈનવર્ડ /નં.૨, તા.૧૪/૬/૨૦૧૨ થી મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૭ ની મળેલ માહિતી બાબત.

**સંદર્ભ** :– અરજદારની આઈ.ડી.નં.૧૮૧ તા.૧/૫/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૧૪/૬/૧૨ ની પ્રથમ અપીલ નં. SMC/FAP/BRIDGE CELL/02/2012-13

**શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ની તા.૧૪/૬/૧૨ ની અપીલ અરજીનાં મુદ્દા નં.૧ અને ૪ અને મુળ આઈ.ડી.નં.૧૮૧ તા.૧/૫/૧૨,**

**મુદ્દા નં.૧** :–ખરવર નગર, દિલ્હીગેટ, અને અડાજણ સરદાર બ્રીજ પાસે બની રહેલ ત્રણ જેટલા બ્રીજની પ્રથમ ઠરાવમાં પુર્ણ કરવાની તારીખ અને રકમ તે જે ઠરાવ થયેલ તે મુજબ કામગીરી થયેલ હોય કે ન થયેલ હોય તેની કારણો સહિતની સંપુર્ણ માહિતી.

**મુદ્દા નં.૪** :– આ ત્રણેય બ્રીજના ઈજારદારના નામ, તથા તેઓએ સમયમર્યાદામાં કામો પુર્ણ કરેલ ન કરેલ તથા તેઓ વિરૂઘ્ધ થયેલ કાર્યવાહી, અપાયેલ નોટીસ અથવા બ્લેક લીસ્ટ કરેલ હોય તથા અન્ય કોઈ કાર્યવાહી થયેલ ન થયેલ વિગતવાર સંપુર્ણ માહિતી.

**અરજદારના અપીલના કારણો** :–

અરજદાર ઘ્વારા તા.૧૪/૬/૧૨ના રોજ અરજીનાં જવાબથી નારાજ થઈ અપીલ કરેલ છે.,જેમાં,

**"મુદ્દા નં.૧ અને ૪ ના જવાબ(માહિતી વિરોધાભાસ છે.) તેમજ માંગ્યા મુજબની ઘણી બધી માહિતી મળેલ ન હોવાનાં કારણો....તથા**

**માહિતી અપીલની હકીકતો :– માહિતી અધુરી હોવાની હકીકતો.....**

**માંગેલ દાદ :– માંગ્યા મુજબની સંપુર્ણ માહિતી વિનામુલ્યે પુરી પાડવી, માહિતી અધુરી પુરી પાડનાર જા.મા.અ.ઓ વિરૂઘ્ધ પગલાં ભરવા તેમજ અન્ય યોગ્ય લાગે તે દાદ......"**

જે સંદર્ભે બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીઓ મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ / રજુઆત પણ રજુ કરવા અપીલ અધિકારી(બ્રીજ)નાં પત્ર નં.અનુક્રમે SMC/FAP/BRIDGE CELL/03/2012-13 તા.૨૨/૬/૧૨ અને SMC/FAP/BRIDGE CELL/03/1/2012-13 તા.૨૨/૬/૧૨ થી તમામ વિગતો મંગાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી જે. એન.મહિડા તરફથી, દિલ્હીગેટ ફલાય ઓવર બ્રીજ અંગે તા.૨૬/૬/૧૨ ના રોજ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી ડી.જે.પટેલ તરફથી, અડાજણ ગુજરાત ગેસ સર્કલ ફલાય ઓવર બ્રીજ અંગે માંગેલ દસ્તાવેજો / માહિતી મળેલ . જે જોતાં, અરજદારનાં અપીલ મુદ્દા નં.૧ અને ૪ અન્વયે જાહેર માહિતી અધિકારી **શ્રી જે.અને.મહિડા** તરફથી પુર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ, " મુદ્દા નં.૧ માં જણાવેલ પુર્તતા અનુસાર આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ કામે જેટલી પણ કામગીરી થયેલ છે તે કામગીરી ઠરાવને આધિન થયેલ છે. અને મુદ્દા નં.૪ માં જણાવ્યા અનુસાર સમગ્ર કામ નિયત સમયમર્યાદામાં પુર્ણ થયેલ નથી.. આ ઉપરાંત અરજદાર ઘ્વારા અપીલમાં જણાવ્યા અનુસાર ઘણી બધી માહિતી મળેલ નથી......

આ બાબતે સ્પષ્ટતા કરવાની કે અરજદારને દફતરી રેકોર્ડનાં ઈન્સ્પેકશન માટે રૂબરૂ તા.૨૮/૫/૧૨ ના રોજ બોલાવવામાં આવેલ અને તેમને દીલ્હીગેટ ફલાય ઓવર બ્રીજની માહિતીને લાગુ દફતરી રેકોર્ડ બતાવવામાં આવેલ. (ઈન્સ્પેકશન કરવામાં આવેલ.) જેનું રોજ કામ કરી માંગેલ માહિતી અજરદારને પુરી પાડવામાં આવેલ છે. જેથી

અપીલમાં જણાવ્યા અનુસાર, કયા પ્રકારની માહિતી તેઓશ્રીને મળેલ નથી તેમની કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આપવામાં આવેલ માહિતી, ઉપલબ્ધ રેકોર્ડ તેમજ માંગ્યા મુજબની (દફતરી ઈન્સ્પેકશન સાથેની) હોઈ, જેની જાણ કરતો આ રીપોર્ટ જા.મા.અધિકારીશ્રીઓ મારફતે અપીલ અધિકારીશ્રી પ્રતિ રજુ કરેલ." અને

અપીલ મુદ્દા નં.૧ અને ૪ અન્વયે જાહેર માહિતી અધિકારી **શ્રી ડી.જે.પટેલ** તરફથી તા.૨૭/૬/૧૨ના રોજ મળેલ પુર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ,"આ બાબતે સ્પષ્ટતા કરવાની કે અરજદારને દિલ્હીગેટ ફલાય ઓવર બ્રીજના કામે દફતરી રેકોર્ડના ઈન્સ્પેકશન માટે રૂબરૂ તા.૨૮/૫/૧૨ નાં રોજ બોલાવવામાં આવેલ અને દીલ્હીગેટ ફલાય ઓવર બ્રીજના દફતરી રેકોર્ડનું ઈન્સ્પેકશન પુર્ણ થયા બાદ તેમને ગુજરાત ગેસ ફલાય ઓવર બ્રીજની માહિતીને લાગુ દફતરી રેકોર્ડનું ઈન્સ્પેકશન કરાવવામાં આવેલ અને ઈન્સ્પેકશન દરમ્યાન અરજદાર ધ્વારા જણાવ્યા મુજબની જરૂરી માહિતી તેમને તા.૩૦/૫/૧૨ નાં રોજ પુરી પાડવામાં આવેલ તેમજ અપીલમાં જણાવ્યાનુસાર કયા પ્રકારની માહિતી તેઓશ્રીને મળેલ નથી તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી. અરજદારને આપવામાં આવેલ માહિતી, ઉપલબ્ધ રેકોર્ડ તેમજ માંગ્યા મુજબની (દફતરી ઈન્સ્પેકશન સાથેની) હોઈ જેની જાણ કરતો આ રીપોર્ટ જાહેર માહિતી અધિકારીશ્રી મારફત અપીલ અધિકારીશ્રી પ્રતિ રજુ કરેલ "

આમ, બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારની અપીલ સંદર્ભે એક સરખી રજુઆત કરેલ હોવાનું જણાય છે.

અરજદારની અપીલ અરજી નં. એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૨/૨૦૧૨–૧૩, તા.૧૪/૬/૨૦૧૨ અન્વયે અપીલ અધિકારી તરફથી અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બહમભટ્ટને તેમની અપીલ અન્વયે તેમની રજુઆત તથા તેમનો પક્ષ રજુ કરવા તા.૭/૭/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા સારૂ, પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/૦૩/૨ તા.૩૦/૬/૨૦૧૨ થી જાણ કરવામાં આવેલ અને તેજ રીતે બંને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)ને પણ તેમની રજુઆત કરવા સારૂ નિર્ધારીત સમયે હાજર રહેવા અંગે જાણ કરવામાં આવેલ. આમ, તા.૭/૭/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ)ની કચેરી રૂમ નં.૧૧૭ માં અરજદારની અપીલ અન્વયે અપીલ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. પરંતુ અરજદાર શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ર તા.૭/૭/૧૨ નાં રોજ હાજર ન રહેતા તેઓને અપીલ અધિકારી તરફથી ફરી નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ/આ./૦૩/૩ તા.૧૦/૭/૧૨ ના પત્રથી ફરી તા.૧૩/૭/૧૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે બીજી અપીલ આપવામાં આવેલ તેમછતાં અરજદાર શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ હાજર રહેલ નહી. **વધુમાં,અરજદારને પ્રથમ અપીલની મીટીંગની જાણ કરતો પત્ર આર.પી.એ.ડી.થી મોકલવામાં આવેલ. તેમછતાં અરજદારની સહી વગરની પહોંચ પરત મળેલ છે. જેને કારણે બીજો પત્ર તેઓને હાથોહાથ પહોંચાડવામાં આવેલ તે ઘ્યાને લેવા જોગ છે.**

ઉપરોકત હકીકતે, તા.૭/૭/૧૨ ના રોજ સાજે ૪ : ૦૦ કલાકે અપીલ અધિકારીની કચેરીમા અપીલ અધિકારી સમક્ષ બંને જાહેર માહિતી અધિકારીઓ રૂબરૂ હાજર રહેલ.અરજદાર હાજર રહેલ નહી. બીજી વખત પણ અપીલ રાખવા છતાં અરજદાર ગેરહાજર રહેલ. અને તેઓ તરફથી કોઈ લેખિત / મૌખિક રજુઆત મળેલ નથી. અરજદારની અપીલનાં કારણો જોતાં, મુદ્દા નં.૧ અને ૪ નાં વિરોધાભાસ બાબતે સ્પષ્ટતા કરી શકાય કે, મુદ્દા નં.૧ માં અરજદારે માંગેલ માહિતી મુજબ તેઓને ઠરાવોની વિગતોમાં માંગેલ પ્રથમ ઠરાવોની નકલો / કોન્ટ્રાકટર રાજકમલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.,અમદાવાદને કામ સોંપવામાં આવેલ તેના વર્કઓર્ડરની નકલો તથા ડેવીએશન મંજુર કરવાની દરખાસ્તની નકલ(ફા.પાના નં.૫૦૧) વિગેરે અરજદારની માંગણી મુજબનાં જે કોઈ દસ્તાવેજો માંગ્યા તે નિયમોનુસાર નકલ ચાર્જીસ ભરાવી તેઓને રૂબરૂમાં આપવામાં આવેલ છે.તેમ છતાં અરજદારને આ બાબતે હજુ કોઈ વધુ પુરાવા કે દસ્તાવેજોની જરૂર જણાય તો તેઓ તે અલાયદી અલગથી અરજી કરી મેળવવા સ્વત્રત છે.

આમ, અરજદારનો પત્ર તથા જાહેર માહિતી અધિકારી તરફથી રજુ કરવામાં આવેલ. અપીલ સંદર્ભે તેઓનાં લેખિત પુરાવા સહિત પુર્તતા રીપોર્ટ તથા તેઓએ રજુ કરેલ માહિતી અંગેનાં દસ્તાવેજો જોતાં, અપીલ અધિકારી તરફથી મજકુર અરજદારની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧/૫/૨૦૧૨ ની આઈ.ડી.નં.૧૮૧ અરજીથી માંગેલ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને નિયતસમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તદઉપરાંત અરજદારને જાહેર માહિતી અધિકારીશ્રી જે.એન.મહિડા તરફથી દીલ્હીગેટ સંદર્ભે , મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી અન્વયે દફતરી રેકર્ડની ચકાસણી માટે નિયત સમયમર્યાદામાં ઈન્સપેકશન માટે બોલાવવામાં આવેલ. અને અરજદાર ઈન્સ્પેકશન માટે હાજર રહી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી પોતાને જોઈતી માહિતી ઈન્સ્પેકશન વખતે અરજદારે માંગેલ માહિતી / દસ્તાવેજ આપવા જણાવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવ્યા મુજબનાં નકલ ચાર્જીસ ભરી અરજદારે હાથોહાથ રૂબરૂ માહિતી/ દસ્તાવેજ મેળવેલ. અને જાહેર માહિતી અધિકારીશ્રી ડી.જે.પટેલ, ગુજરાત ગેસ સર્કલ જંકશન ફલાય ઓવર બ્રીજ સંદર્ભે પણ તા.૨૮/૫/૧૨ નાં રોજ દીલ્હીગેટ એફ.ઓ.બી.નાં ઈન્સ્પેકશન પુર્ણ થયા બાદ અરજદારને ઈન્સ્પેકશન આપવામાં આવેલ. આમ, બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને નિયત સમયમર્યાદામાં માહિતી / દસ્તાવેજ / જવાબ આપવામાં આવેલ છે. અને અરજદારને ઈન્સ્પેકશનમાં રૂબરૂ બોલાવી અરજદાર તરફથી માંગણી કરેલ દસ્તાવેજો પણ રૂબરૂમાં આપવામાં આવેલ છે. સદર તમામ હકીકતો જોતાં, અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ પોતાનાં તા.૧૪/૬/૧૨ ની અપીલ અરજીનાં મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી પુરી પાડી દીધેલ હોય, અરજદારની અપીલ અરજી ગ્રાહય રાખવા પાત્ર નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ઘ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ,

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી જે.એન.મહીડા,બ્રીજસેલ.......

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ ,બ્રીજસેલ.......

(૪) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

(૫) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............

## હુકમ નં.૩

**અપીલ અરજી નં.:–** એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૩/૨૦૧૨–૧૩, તા.૧૪/૬/૨૦૧૨.

**અરજદાર :–** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ

**સામાવાળા :–** એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી.(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૪/૬/૨૦૧૨ની નં.બ્રીજસેલ/અપીલ અરજી / ઈનવર્ડ /નં.૩, તા.૧૪/૬/૨૦૧૨ થી મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૫ ની મળેલ માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદારની આઈ.ડી.નં.૩૪૫ તા.૨૫/૫/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૧૪/૬/૧૨ ની પ્રથમ અપીલ નં. SMC/FAP/BRIDGE CELL/03/2012-13

**શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ની તા.૧૪/૬/૧૨ ની અપીલ અરજીનાં મુદ્દા નં.૧ થી ૫ અને મુળ આઈ.ડી.નં.૩૪૫ તા.૨૫/૫/૧૨,**

**અરજદારના અપીલના કારણો :–**

**અરજદાર ધ્વારા તા.૧૪/૬/૧૨ના રોજ અરજીનાં જવાબથી નારાજ થઈ અપીલ કરેલ છે.,જેમાં, "મુદ્દા નં.૧ ના ખર્ચ કન્વેયન્સ મોંઘવારી ભથ્થુના ખરેખર મુસાફરીના નિયમો મુજબ ચુકવવાની રકમની માહિતી ન મળવાથી તથા ખર્ચ કન્વેયન્સમાં ભથ્થું અલગ અલગ માહિતી ન મળી હોવાથી તથા આ ખર્ચ મંજુર કરનાર અધિકારીની માહિતી ન મળવાનાં કારણો....**

**અપીલનાં હકીકતો :– ઉપર જણાવેલ નં.૮ મુજબ માહિતી નહી આપી હોવાની હકીકતો....**

**માંગેલ દાદ :–જા.મા.અ.ધ્વારા મુદ્દા નં.૧ ની માહિતી નહી પુરી પાડી તથા ચુકવાયેલ રકમની અલગ અલગ વિગતો તથા મંજુર કરનાર અધિ.ના નામ હોદ્દા સહિત સંપુર્ણ માહિતી વિનામુલ્યે પુરી પડાવવી, માહિતી છુપાવનાર જા.મા.અ.વિરૂધ્ધ પગલાં ભરવાં, માહિતી અધુરી પુરી પાડી હોવાથી આ અપીલ કરવાની ફરજ પડેલ છે.જેથી અમોને થયેલ ખર્ચ અને હેરાનગતિ બદલ યોગ્ય વળતર ચુકવવા સહિતની દાદ આપવા વિનંતી. "**

જે સંદર્ભે બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીઓ મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ / રજુઆત પણ રજુ કરવા અપીલ અધિકારી(બ્રીજ)નાં પત્ર નં.SMC/FAP/BRIDGE CELL/02/2012-13 તા.૨૨/૬/૧૨ થી તમામ વિગતો મંગાવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી ડી.જે.પટેલ તરફથી અપીલ અધિકારીને અરજદારની ઉપરોકત અપીલ અન્વયે મંગાવેલ **નોંધ વિભાગ સહિતનો કોઈપણ જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ મળેલ નથી.** અરજદારની અપીલ અરજી નં. એસ.એમ.સી./પ્રથમ અપીલ/ બ્રીજસેલ/૩/૨૦૧૨–૧૩, તા.૧૪/૬/૨૦૧૨ અન્વયે અપીલ અધિકારી તરફથી અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બહમભટ્ટને તેમની અપીલના મુદ્દા નં.૧ અન્વયે તેમની રજુઆત તથા તેમનો પક્ષ રજુ કરવા તા.૭/૭/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા સારૂ, પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/૦૩/૨ તા.૩૦/૬/૨૦૧૨ થી જાણ કરવામાં આવેલ મજકુર અરજદારે આ અપીલ સાથે અન્ય અપીલ નં. SMC/FAP/ BRIDGE CELL/02/2012-13, SMC/FAP/BRIDGE CELL/03/2012-13 તા.૧૪/૬/૧૨ કરેલ હોય, એકજ અરજદારની બંને અપીલ સંદર્ભે અરજદારને એક જ દિવસ અને એક જ સમય આપવામાં આવેલ. જેમાં બંને અપીલનાં જાહેર માહિતી અધિકારીઓને પણ તેમની રજુઆત કરવા સારૂ નિર્ધારીત સમયે હાજર રહેવા અંગે જાણ કરવામાં આવેલ. આમ, તા.૭/૭/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ)ની કચેરી રૂમ નં.૧૧૭ માં અરજદારની અપીલ અન્વયે અપીલ મીટીંગનું આયોજન કરવામાં આવેલ.અપીલ અધિકારી સમક્ષ અપીલ વખતે બંને જાહેર માહિતી અધિકારી હાજર રહેલ પરંતુ અરજદાર શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ, તા.૭/૭/૧૨ નાં રોજ હાજર ન રહેતાં, અપીલ અધિકારી તરફથી ફરી નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ અપીલ/ આ./૦૩/૩ તા.૧૦/૭/૧૨ ના પત્રથી ફરી તા.૧૩/૭/૧૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અપીલ આપવામાં આવેલ તેમછતાં અરજદાર શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ હાજર રહેલ નહી. **આ તબકકે ખાસ નોંધવાનું કે, અરજદારને પ્રથમ અપીલની મીટીંગની જાણ કરતો પત્ર આર.પી.એ.ડી.થી મોકલવામાં આવેલ. તેમછતાં અરજદારની**

**સહી વગરની પહોંચ પરત મળેલ છે.જેને કારણે બીજો પત્ર તેઓને હાથોહાથ પહોંચાડવામાં આવેલ તે ધ્યાને લેવા જોગ છે.**

ઉપરોકત હકીકતે, તા.૭/૭/૧૨ ના રોજ સાજે ૪ : ૦૦ કલાકે અપીલ અધિકારીની કચેરીમા અપીલ અધિકારી સમક્ષ બંને જાહેર માહિતી અધિકારીઓ રૂબરૂ હાજર રહેલ.અરજદાર હાજર રહેલ નહી. બીજી વખત પણ અપીલ રાખવા છતાં અરજદાર ગેરહાજર રહેલ. અને તેઓ તરફથી કોઈ લેખિત / મૌખિક રજુઆત મળેલ નથી.

અરજદારે તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૩૪૫ તા.૨૫/૫/૧૨ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ તરફથી મળેલ જવાબની નકલ અપીલ અરજી સાથે રજુ કરેલ છે. જે જોતાં અરજદારે તેઓની મુળ અરજીમાં મુદ્દા નં.૧ **" સુરત મહાનગરપાલિકાના કામકાજ અર્થે સુરત બહાર અમદાવાદ, ગાંધીનગર જવા માટેના સરકારશ્રીના મુસાફરીના નિયમો અનુસાર અધિકારીઓને ખર્ચ, કન્વેયન્સ અને મોંઘવારી ભથ્થુ વગેરે ધારા ધોરણ મુજબ નકકી કરવામાં આવેલ અને આપવાના થતા કાયદેસર ખર્ચની રકમ સહિતની સંપુર્ણ માહિતી. "** અરજદારે મુળ અરજીમાં મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ જેનો જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ તરફથી નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./૧૩ તા.૮/૬/૧૨ થી મુદ્દા નં.૧ થી ૩ માટે પરિશિષ્ટ –૧ મુજબની માહિતી આપેલ. અને મુદ્દા નં.૪ માટે કોઈ પણ અધિકારીને વધારે રકમ ચુકવવામાં આવેલ નથી. તથા મુદ્દા નં.૫ માટે " સુરત મહાનગરપાલિકાનાં વાહનોનો ઉપયોગ કરવામાં આવેલ નથી. " આ મુજબનો સમયમર્યાદામાં જવાબ આપવામાં આવેલ.

અરજદારે તેઓની અપીલમાં જણાવેલ મુદ્દા નં.૮ થી ૧૦ જોતાં , " જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજી આઈ.ડી.નં.૩૪૫ ના મુદ્દા નં.૧ ની માહિતીમાં અરજદારને આપેલ પરિશિષ્ટ–૧ માં બ્રીજસેલ વિભાગમાં માહે–એપ્રિલ ૨૦૧૧ થી તા.૨૫ મે– ૨૦૧૨ સુધીનાં સમયગાળામાં અરજદારે માંગેલ માહિતી નીચે મુજબ આપેલ.

| **અ.નં.** | **મુસાફરી કરેલ કર્મચારીનું નામ.** | **કરેલ મુસાફરીની તારીખ** | **ખર્ચ ચુકવવા મંજુર કરેલ અધિકારીનું નામ અને હોદ્દો** | **રકમ** | **વિઝીટનું સ્થળ** |
|---|---|---|---|---|---|

અરજદારની માંગણી અરજીનાં મુદ્દા નં.૧ જોતાં, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે માંગેલ **" સુરત મહાનગરપાલિકાના કામકાજ અર્થે સુરત બહાર અમદાવાદ, ગાંધીનગર જવા માટેના સરકારશ્રીના મુસાફરીના નિયમો અનુસાર અધિકારીઓને ખર્ચ, કન્વેયન્સ અને મોંઘવારી ભથ્થુ વગેરે ધારા ધોરણ મુજબ નકકી કરવામાં આવેલ અને આપવાના થતા કાયદેસર ખર્ચની રકમ સહિતની સંપુર્ણ માહિતી. "** આપવામાં આવેલ હોવાનું ફલિત થતું નથી. આમ, અરજદારે કરેલ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજી કે કોઈ પુર્તતા રીપોર્ટ / રજુઆત / સાહિત્ય/ દસ્તાવેજો અપીલ અધિકારીને માંગ્યા મુજબ આપેલ નથી. તે સંજોગોમાં અરજદારની અપીલમાં માંગેલ માહિતી / દરસ્તાવેજો અરજદારને જોઈએ તે / જણાવે તે વિના મુલ્યે આપવાની થાય.

## –: હુકમ :–

અરજદારની અપીલ અરજી સાથે રજુ કરેલ જવાબની નકલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫/૫/૨૦૧૨ ની આઈ.ડી.નં.૩૪૫ અરજીથી માંગેલ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ ન આપેલ તમામ માહિતી / દસ્તાવેજો તેના સંદર્ભસહ અરજદારને સુચિત કરવા અને આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની કલમ ૭(૬) હેઠળ અરજદારને વિના મુલ્યે દિન–૭માં માહિતી / માંગેલ દસ્તાવેજો પુરી પાડવા જણાવવામાં આવે છે. અરજદારની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ,
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ ,બ્રીજસેલ.......જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......
(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............

# હુકમ નં.૪

**અપીલ અરજી નં.:–** એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૪/૨૦૧૨–૧૩, તા.૦૩/૭/૨૦૧૨.

**અરજદાર :–** શ્રી હેમંત એન. દેસાઈ

**સામાવાળા :–** એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી.(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૦૨/૦૭/૨૦૧૨ની નં.બ્રીજસેલ/અપીલ અરજી / ઈનવર્ડ /નં.૪, તા.૦૩/૭/૨૦૧૨ થી મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૫ પૈકી બ્રીજસેલ ખાતાને સંલગ્ન મુદ્દા નં.૫ ની માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદારની આઈ.ડી.નં.૧૭૫ તા.૩૦/૪/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૦૩/૭/૧૨ ની પ્રથમ અપીલ નં. SMC/FAP/BRIDGE CELL/04/2012 -13

શ્રી હેમંત એન. દેસાઈની તા.૦૩/૦૭/૨૦૧૨ ની અપીલ અરજીનાં મુદ્દા નં.૧ થી ૫ પૈકી મુદ્દા નં.૫ અને મુળ આઈ.ડી.નં.૧૭૫ તા.૩૦/૪/૧૨

**<u>અરજદારના અપીલના કારણો :–</u>**

**અરજદાર ધ્વારા તા.૦૨/૭/૧૨ના રોજ અરજીનાં જવાબથી નારાજ થઈ અપીલ કરેલ છે., જેમાં, "મુદ્દા નં.૫ ના " બ્રીજ(પુલ) પર જે સોડીયમ લાઈટ મુકવાની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડેલ છે જયારે સુરતના દરેક બ્રીજ(પુલ) પર લાઈટો / મુકવામાં આવેલ હોય તો આ પુલ પર શા માટે નહી અને જે માહિતી આપવામાં આવેલ છે.જે ગળે ઉતરે તેમ નથી."**

**અપીલનાં હકીકતો :– અરજદારે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૧) મુજબ જવાબ મળ્યાના દિન–૩૦ માં એટલે કે, તા.૯/૬/૨૦૧૨ સુધીમાં પ્રથમ અપીલ કરવાની હોવા છતાં તા.૦૨/૦૭/૨૦૧૨ ના રોજ અપીલ કરેલ છે. આ અંગે પોતાની માતુશ્રીના માંદગી અને મુત્યુનું કારણ જણાવેલ છે.**

જે સંદર્ભે બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ / રજુઆત પણ રજુ કરવા અપીલ અધિકારી(બ્રીજ)નાં પત્ર નં. SMC/FAP/BRIDGE CELL/04/1/2012-13 તા.૨૫/૭/૧૨ થી તમામ વિગતો મંગાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી જે.એન.મહિડા તરફથી અપીલ અધિકારીને અરજદારની ઉપરોકત અપીલ અન્વયે મંગાવેલ **નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ મળેલ છે.**

અરજદારની અપીલ અરજી નં. એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૪/૨૦૧૨–૧૩, તા.૦૩/૭/૨૦૧૨ અન્વયે અપીલ અધિકારી તરફથી અરજદાર શ્રી હેમંત એન.દેસાઈની લેટ અપીલના કારણો દર્શાવતાં અરજદારે રજુ કરેલ લેટ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (બ્રીજ)નાં પુર્તતા રીપોર્ટ જોતાં, અરજદારને તેમની મુળ આઈ.ડી. અરજી નં.૧૭૫ તા.૩૦/૪/૧૨નાં મુદ્દા નં.૫ ની કામગીરી બ્રીજસેલ વિભાગ તરફથી કરવામાં આવતી ન હોય, અરજદારને અત્રેથી "નીલ" ની માહિતી / જવાબ બ્રીજસેલ આર.ટી.આઈ./૦૬ તા.૧૦/૫/૨૦૧૨ થી આપવામાં આવેલ.જે બ્રીજસેલની કામગીરી જોતાં, બરાબર જણાય છે. તેમછતાં અરજદારે તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૫ તા.૩૦/૪/૧૨ થી મુળ નમુના – ક માં માહિતી વિવરણ " (૧) સંબંધિત વિભાગો તા.૨૫/૪/૧૧ તા.૧/૮/૧૧, તા.૫/૧૧/૧૧ નાં રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત વિભાગોના અધિકારીઓ તરફથી કર્મચારી પાસે શુ શુ તપાસ કરાવવામાં આવી તપાસ કરતાં કર્મચારીએ શું રીપોર્ટ તૈયાર કરવામાં આવયો ? તે તમામની સહી સિકકાવાળી નકલ ફાળવવી.

(૨) મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબ સ્થળ તપાસ કરતાં કર્મચારીએ જે રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને તે રીપોર્ટ અધિકારીને સોંપયા બાદ અધિકારીઓએ શુ નિર્ણય કરવામાં આવ્યો ? તેની સહી સિકકાવાળી નકલ ફાળવવી. "

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, અરજદારને માંગણી મુજબની માહિતી / નકલ / દસ્તાવેજો આપવામાં આવેલ હોવાનું ફલિત થતું નથી. આમ, અરજદારે કરેલ અપીલ અરજી અંશત : ગ્રાહય રાખવામાં આવે છે. તે સંજોગોમાં અરજદારની અપીલમાં માંગેલ માહિતી / દરસ્તાવેજો અરજદારને જોઈએ તે / જણાવે તે વિના મુલ્યે આપવાની થાય.

**—: હુકમ :—**

અરજદારની અપીલ અરજી સાથે રજુ કરેલ જવાબની નકલ તેમજ ઉપલબ્ધ હકીકત તથા જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ પુર્તતા રીપોર્ટ / દસ્તાવેજ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦/૪/૨૦૧૨ ની આઈ.ડી.નં.૧૭૫ અરજીથી માંગેલ માહિતી વિવરણ(૩)નાં મુદ્દા નં. ૧ અને ૨ અંગે અરજદારને આપવા જોગ માહિતી જાહેર માહિતી અધિકારીએ ન આપેલ તમામ માહિતી / દસ્તાવેજો તેના સંદર્ભસહ અરજદારને સુચિત કરવા અને આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની કલમ ૭(૬) હેઠળ અરજદારને વિના મુલ્યે દિન–૭માં માહિતી / માંગેલ દસ્તાવેજો પુરી પાડવા જણાવવામાં આવે છે. અરજદારની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી હેંમત એન.દેસાઈ ,
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી જે.અને.મહિડા ,બ્રીજસેલ.......જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......
(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............

# હુકમ નં.૫

**અપીલ અરજી નં.**:– એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૫/૨૦૧૨–૧૩, તા.૩૧/૭/૨૦૧૨.

**અરજદાર** :– શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલ

**સામાવાળા** :– એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત** :–

**વિષય** :– આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલની તા.૨૬/૭/૨૦૧૨ની અપીલ અરજી નં. ૩૨૩ , પુર્વ ઝોન (વરાછા) થી અત્રેને ખાતાને તબદીલ થયેલ જે નં.બ્રીજસેલ/અપીલ અરજી / ઈનવર્ડ /નં.૫, તા.૩૧/૭/૨૦૧૨ થી મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૫ પૈકી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી બાબત.

**સંદર્ભ** :– અરજદારની આઈ.ડી.નં.૨૭૮ તા.૧૪/૬/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૩૧/૭/૧૨ ની પ્રથમ અપીલ નં. SMC/FAP/BRIDGE CELL/05/2012 -13

**શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલની તા.૩૧/૭/૨૦૧૨ ની અપીલ અરજીનાં મુદ્દા નં.૧ થી ૫ પૈકી મુદ્દા નં.૩ અને ૪ અને મુળ આઈ.ડી.નં.૨૭૮ તા.૧૪/૬/૧૨,**

**<u>અરજદારના અપીલના કારણો :–</u>**

**પ્રશ્ન નં.૩ :– ફલાય ઓવર બ્રીજ કે ખાડી પુલ બાંધવાથી કઈ મિલ્કતોને કે પ્લોટોને નુકશાન થશે ? ઝેરોક્ષ નકલ સામેલ છે.**

**પ્રશ્ન નં.૪ :– ફલાય ઓવર બ્રીજ કે ખાડી પુલની " સેન્ટર લાઈન" કયાંથી કેવી રીતે નકકી કરેલ છે. ઝેરોક્ષ નકલ સામેલ છે.**

**અપીલનાં હકીકતો** :–

**અરજદારે અપીલમાં જણાવેલ કે " જયારે કોઈ બાંધમામ કરીએ ત્યારે સેન્ટર લાઈન નકકી કરેલ જ હોય છે. અથવા અગાઉથી ડ્રાફટ પ્લાન બનાવેલ જ હોય છે. તો તે ડ્રાફટ પ્લાનની CD કેસેટ તથા નકશો T.P. ૧૬(કપાદ્રા) ફી લઈને આપવા મહેરબાની. "**

ઉપરોકત અપીલ અરજી અન્વયે જણાવવાનું કે, બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી ડી.જે.પટેલ મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ / રજુઆત પણ રજુ કરવા અપીલ અધિકારી(બ્રીજ)નાં પત્ર નં.SMC/FAP/BRIDGE CELL/05/2012-13 તા.૧/૮/૧૨ થી તમામ વિગતો મંગાવેલ. જે અત્રે પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./૫/૧/૨૦૧૨–૧૩, તા.૧૩/૮/૧૨ થી અપીલ અધિકારીને અરજદારની ઉપરોકત અપીલ અન્વયે મંગાવેલ **નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ મળેલ છે.**

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (બ્રીજ)નાં પુર્તતા રીપોર્ટ જોતાં, અરજદારને તેમની મુળ આઈ.ડી. અરજી નં.૨૭૮ તા.૧૪/૬/૧૨ વરાછા ઝોન EZ/RTI/OUT/278, DTD.15/06/2012 બ્રીજસેલને તા.૧૮/૬/૧૨ થી તબદીલ થયેલ. અરજીનાં મુદ્દા નં.૧ થી ૫ નો અરજદારને પત્રનં.બ્રીજસેલ/ આરટી.આઈ./આ./૨૨ તા.૧૦/૭/૧૨ થી જાહેર માહિતી અધિકારીશ્રી ડી.જે.પટેલ તરફથી નિયત સમય મર્યાદામાં જવાબ / માહિતી પાઠવેલ છે.અરજદારે કલાકુંજ સ્વામિનારાયણ મંદિર પાસેની ખાડી ઉપર થનાર ખાડી બ્રીજ / એફ.ઓ.બી. અંગે મુદ્દા નં. ૩ અને ૪ જે અરજદારની મુળ માંગણી અરજી મુજબ મળેલ જાહેર માહિતી અધિકારીનાં જવાબથી નારાજ થઈ ઉપરોકત જણાવેલ અપીલ હકીકતો અને કારણો સંદર્ભે અપીલ કરેલ છે.

જાહેર માહિતી અધિકારીનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./૫/૧/૨૦૧૨–૧૩, તા.૧૩/૮/૧૨ થી અપીલ અધિકારીને અરજદારની ઉપરોકત અપીલ અન્વયે મંગાવેલ નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ મળેલ, જેમાં જણાવેલ છે કે, " **સદર બ્રીજનાં અંદાજો બનાવવા માટે, ટેન્ટેટીવ GAD**

**બનાવવામાં આવેલ છે. જે માટે ટાઉન પ્લાનીંગ વિભાગમાંથી આપવામાં આવેલ T.P. ૧૬ માં દર્શાવવામાં આવેલ રસ્તાઓને ધ્યાને લેવામાં આવેલ છે. અંદાજો મંજુર થયા બાદ તેમજ ટેન્ડર કાર્યવાહી બાદ સ્થળ પર કામગીરી ચાલુ કરતાં પહેલા ટાઉન પ્લાનીંગ વિભાગ / ઝોનમાંથી ટી.પી.રસ્તાઓનું સ્થળ પર ડીમોલીશન કરાવવાનું રહે છે. "** જે ધ્યાને લેતાં, અરજદારે કરેલ અપીલ મુજબની માંગણી / દસ્તાવેજો મેળવી શકે છે.

ઉપરોકત અરજદારની અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરએ આપેલ મુળ માંગણી અરજીનાં જવાબની નકલ જોતાં, અરજદારે કરેલ અપીલમાં માંગેલ માહિતી હાલનાં તબકકે નવી માંગણી કહી શકાય અરજદારે પ્રશ્ન નં.૩ અને પ્રશ્ન નં.૪ જે ઉપર જણાવવામાં આવેલ છે. તે મુજબની માહિતી તે સમયની હકીકત / માહિતી અરજદારને નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ છે. હવે અરજદારે પોતાની પ્રથમ અપીલમાં **" જયારે કોઈ બાંધકામ કરીએ ત્યારે સેન્ટર લાઈન નકકી કરેલ જ હોય છે. અથવા અગાઉથી ડ્રાફટ પ્લાન બનાવેલ જ હોય છે. તો તે ડ્રાફટ પ્લાનની CD કેસેટ તથા નકશો T.P. ૧૬(કપાદ્રા) ફી લઈને આપવા મહેરબાની."** કરેલ માંગણી સંદર્ભે જાહેર માહિતી અધિકારીને નવેસરથી આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નાં નિયમ–૩(૧) મુજબ નિયત ફી રૂા.૨૦/– જમા કરાવી જે જોઈતી માહિતી / દસ્તાવેજો મેળવવાનાં રહેશે. અને તે જાહેર માહિતી અધિકારીએ નવી આઈ.ડી.અરજી રૂપે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી આપવાની રહેશે.

## –: હુકમ :–

અરજદારની અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનાં મળેલ **નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ જોતાં,** હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪/૬/૨૦૧૨ ની આઈ.ડી.નં.૨૭૮ અરજીથી માંગેલ મુદ્દા નં.૩ થી ૪ ની માહિતી તે સંદર્ભે ઉપલબ્ધ જે તે સમયની સ્થળ સ્થિતિ અનુસાર / સ્ટેટસ મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં આપી દેવામાં આવેલ હોય, અરજદારે કરેલ **અપીલ દફતરે કરવામાં આવે છે.** તેમજ વધુમાં, આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં, અરજદારે પ્રથમ અપીલમાં માંગેલ દસ્તાવેજો માટે નવેસરથી આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નાં નિયમ–૩(૧) મુજબ નિયત ફી રૂા.૨૦/– જમા કરાવી જે જોઈતી માહિતી / દસ્તાવેજો મેળવવાનાં રહેશે. અને તે જાહેર માહિતી અધિકારીએ નવી આઈ.ડી.અરજી રૂપે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી આપવાની રહેશે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**Email :-exen@suratmunicipal.gov.in**

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલ,
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ ,બ્રીજસેલ.......જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......
(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ)

# હુકમ નં.૬

**અપીલ અરજી નં.**:– એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૬/૨૦૧૨–૧૩, તા.૪/૮/૨૦૧૨.

**અરજદાર :–** શ્રી નરેશભાઈ એન.ભથવાર

**સામાવાળા :–** એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન.ભથવારની તા.૩/૮/૨૦૧૨ની અપીલ અરજી સેન્ટ્રલ ઝોનનાં પત્ર નં.સી.સી.સી./સે.ઝોન/આ./૪૮૩, તા.૩/૮/૧૨ થી અત્રેનાં ખાતાને તા.૪/૮/૧૨ તબદીલ થયેલ છે. જે નં.બ્રીજસેલ/અપીલ અરજી / ઈનવર્ડ /નં.૬, તા.૪/૮/૨૦૧૨ થી મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૧૧ પૈકી અત્રેનાં ખાતાને સંલગ્ન મુદ્દા નં.૩ , ૮ અને ૧૧ ની માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદારની આઈ.ડી.નં.૫૨૯, તા.૨૫/૬/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૩/૮/૧૨ ની પ્રથમ અપીલ નં. SMC/FAP/BRIDGE CELL/IN/06/2012 -13

**શ્રી નરેશભાઈ એન.ભથવારની તા.૩/૮/૨૦૧૨ ની અપીલ અરજીનાં મુદ્દા નં.૧ થી ૧૧ પૈકી મુદ્દા નં.૩ ,૮ અને ૧૧ અને મુળ આઈ.ડી.નં.૫૨૯ તા.૨૫/૬/૧૨,**

**<u>અરજદારના અપીલના કારણો :–</u>**

**મુદ્દા નં. ૧.** કન્સલ્ટન્ટ ડીઝાઈન ધ્વારા Pile Foundation કરાવ્યા વગરજ વર્ક ઓર્ડર આપી દીધેલ ?

**મુદ્દા નં.૨.** કામગીરી ઈજારદારને ૧૩.૮૮ % ઉંચા ટેન્ડરની રકમે આપ્યા બાદ Test Pile Soil Expert ની સલાહ અનુસાર ૩૨૦ મે.ટન ૪૦ મે.ટનનો ઘટાડો કરી ડીઝાઈન લોડ ૨૮૦ મે.ટન કરવામાં આવેલ તેના ઘટાડાની રકમ જણાવેલ નથી. મુળ ટેન્ડરમાં કુલ ૧૩૦ Pile નો વધારો ડીઝાઈન કન્સલ્ટન્ટે આટલી મોટી ભુલ કરી જેનાં લીધે ૧૭૬ કુલ નંગનો વધારો થતાં રૂા.૩૧,૬૯,૬૭૭–૫૫ પૈસાનો વધારે ખર્ચ થયેલ.

**મુદ્દા નં.૩.** બ્રીજ બનાવવાનું કામ અંદાજીત રકમ રૂા.૨૫,૧૫,૨૩,૦૮૭–૭૦ થી ૧૩.૮૮% ઉંચું ટેન્ડર રકમ રૂા.૨૮,૬૪,૩૪,૪૯૨–૨૭ પૈસા નકકી કરેલ વર્કઓર્ડર આપ્યા બાદ મુદ્દા નં.૫,૬,૭,૮ માં ટેકનીકલ બાબત જણાવી જે કદાચ સ્થાયી સમિતિનાં અઘ્યક્ષશ્રી પણ સમજયા નહી હોય, ૩૧ માસમાં ૭૦% ઈજારદારે કામગીરી પુર્ણ કરેલ હોય, તેમ છતાં આગળ ટેન્ડર ૧૩.૮૮% ઉંચી રકમનું મંજુર કર્યા બાદ, ડેવીએશનનાં ૧૭.૧૩% એટલે કે, રૂા.૪,૯૦,૫૩,૯૫૮–૫૫ પૈસા જેટલો બીજો વધારો પણ મંજુર સ્થા.સ.નાં ઠરાવ નં.૨૨/૬/૧૨નાં ઠરાવ નં.૧૩૧૭/૨૦૧૨ થી જે કામગીરી રૂા.૨૫,૧૫,૨૩,૦૮૭–૭૦ હતી. તેમાં ૧૩.૮૮% ઉંચા ભાવે એટલે કે, રૂા.૨૮,૬૪,૩૪,૪૯૨–૨૭ રૂા. ખર્ચે સોંપવામાં આવેલ.

**મુદ્દા નં.૪.** ફલાય ઓવર બ્રીજની કામગીરી પૂર્ણ થયા પહેલા ડેવીએશન મુકવા બાબતે જણાવવાનું કે સ્થા.સ.ઠ.નં.૧૮૫૫/૧૧, તા.૩૦/૧૨/૧૧ મુજબ માહનગરપાલિકાના કોઈપણ પ્રોજેકટની ડીઝાઈન અથવા સ્થળમાં ફેરફાર થવાથી કે અન્ય કોઈ કારણસર ડેવીએશન જરૂરી જણાય તો તેની જે તે સમયે તુર્ત જ સ્થાયી સમિતીને લેખિતમાં જાણ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

**માહિતીની વિગતો :–** ગુજરાત સર્કલ બ્રીજની કામગીરી પરિપુર્ણ કર્યા પહેલા જ ૪.૯૦ કરોડ રૂા.નું ડેવીએશનની રકમ સ્થાયી સમિતિનાં અઘ્યક્ષશ્રીએ મંજુર કરવા અંગેના મુદ્દા નં.૧ થી ૧૧ અંગેની માહિતીની નકલો મેળવવા બાબત.

**અપીલની હકીકતો :–**

ઉપરોકત અપીલ અરજી અન્વયે જણાવવાનું કે, બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી ડી.જે.પટેલ મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ / રજુઆત પણ રજુ કરવા અપીલ અધિકારી(બ્રીજ)નાં પત્ર નં.SMC/FAP/BRIDGE CELL/OUT/05/2012-13 તા.૭/૮/૧૨ થી તમામ વિગતો મંગાવેલ. જે અત્રે પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આઉટ/૬/૧/૨૦૧૨–૧૩, તા.૧૪/૮/૧૨ થી અપીલ અધિકારીને અરજદારની ઉપરોકત અપીલ અન્વયે મંગાવેલ **નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ મળેલ છે.**

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (બ્રીજ)નાં પુર્તતા રીપોર્ટ જોતાં, અરજદારને તેમની મુળ આઈ.ડી. અરજી નં.પર૯ તા.૨૫/૬/૧૨ સેન્ટ્રલ ઝોનઃ સેન્ટ્રલ ઝોન/આર.ટી.આઈ./આઉટ/નં.૧૨૫૬ તા.૪/૮/૧૨થી બ્રીજસેલને તબદીલ થયેલ. ત્યાર બાદ અરજીનાં મુદ્દા નં.૧ થી ૧૧ જોતાં, અરજી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./નં.૨૧, તા.૩૦/૬/૧૨ થી તબદીલ કરવામાં આવેલ અને આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીશ્રીનાં પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટીરી /સ્થા.સ./આ./૪૧ તા.૫/૭/૧૨ થી અરજીનાં મુદ્દા નં.૩, ૮ અને ૧૧ ની માહિતી અરજદારને પહોંચતી કરવા સારૂ જણાવવામાં આવેલ જે મુજબ બ્રીજસેલ ખાતાનાં જાહેર માહિતી અધિકારીએ મુળ અરજી અન્વયે તેઓનાં પત્રનં.બ્રીજસેલ/ આરટી.આઈ./આ./૨૧/૨, તા.૧૯/૭/૧૨ થી તા.૨૩/૭/૧૨નાં રોજ માહિતી અન્વયે રૂબરૂ માહિતીની ચકાસણી માટે બોલાવવામાં આવેલ. પરંતુ અરજદાર જણાવેલ સમય અને તારીખે હાજર રહેલ નથી. આથી તા.૨૪/૭/૧૨નાં રોજ પત્ર લખી જરૂરી માહિતી / દસ્તાવેજો માટે નાણાં ભરવા માટે જણાવેલ. અરજદાર ધ્વારા તા.૨૭/૭/૧૨ નાં રોજ રસીદ નં.૩૮૩૫૦૪ થી રૂા.૧૦/– સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર ખાતે જમા કરાવેલ. જેનાં અનુસંધાને અરજદાર ધ્વારા માંગ્યા મુજબની અત્રેનાં ખાતાને લાગુ મુદ્દા નં.૩,૮ અને ૧૧ ની અત્રેનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી તૈયાર કરી અત્રેનાં પત્ર નં. બ્રીજસેલ/આર.ટી.આઈ./૨૧/૩, તા.૩૧/૭/૧૨થી પુરી પાડવામાં આવેલ.વધુમાં, અરજદાર ધ્વારા તા.૩/૮/૧૨ ની અપીલમાં જે મુદ્દા ઉપસ્થિત કરેલ તેનો પણ પુર્તતા રીપોર્ટ અપીલ અધિકારીને આપવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી ડી.જે.પટેલ તરફથી નિયત સમય મર્યાદામાં જવાબ / માહિતી પાઠવેલ છે.અરજદારે ગુજરાત સર્કલ બ્રીજની કામગીરી પરિપુર્ણ કર્યા પહેલા જ ૪.૯૦ કરોડ રૂા.નું ડેવીએશનની રકમ સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરવા અંગેના મુદ્દા નં.૧ થી ૧૧ અંગેની માહિતીની નકલો મેળવવા બાબત અંગે મુદ્દા નં. ૩, ૮ અને ૧૧ જે અરજદારની મુળ માંગણી અરજી મુજબ મળેલ જાહેર માહિતી અધિકારીનાં જવાબથી નારાજ થઈ ઉપરોકત જણાવેલ અપીલ હકીકતો અને કારણો સંદર્ભે અપીલ કરેલ છે.

જાહેર માહિતી અધિકારીનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./૬/૧/૨૦૧૨–૧૩, તા.૧૪/૮/૧૨ થી અપીલ અધિકારીને અરજદારની ઉપરોકત અપીલ અન્વયે મંગાવેલ નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ મળેલ, જે જોતાં, અરજદારને મુળ અરજીનાં મુદ્દા નં.૩,૮ અને ૧૧ માટે માહિતી રૂપે જવાબ / દસ્તાવેજો રૂપે કુલ પાના નંગ–૫(પાંચ) કે જેમાં અરજદારને સદર બ્રીજનાં ડેવીએશન / વધારાના ખર્ચની મંજુરી મળવા બાબતે થયેલ રીપોર્ટ અને દરખાસ્તની નકલ તેમજ સદર કામે ઈજારદાર રાજકમલ બિલ્ડર્સને આ ડેવીએશન ચુકવવા માટે મંજુર થયેલ ઠરાવ નં.૧૩૧૭ / ૨૦૧૨ તા.૨૨/૬/૧૨ ની નકલ આપવામાં આવેલ. આમ જોતાં, અરજદારની મુળ અરજીનાં મુદ્દા નં.૩ માં ઈજારદારને ગુજરાત ગેસ સર્કલ પર બ્રીજ બનાવવાનાં કામનો ઓર્ડરની નકલ આપવાની રહે છે. જેની અરજદારની મુદ્દા નં.૧ ની પણ માંગણી છે. જે વર્કઓર્ડરની નકલ અરજદારને વિનામુલ્યે આપવાની રહે છે. **તથા અપીલ અરજીનાં અન્ય મુદ્દાઓ કે જેનો મુળ આઈ.ડી.અરજી નં.પર૯ માં સમાવેશ ન થતો હોય એટલે કે, અરજદારની આ નવી માંગણી/ પ્રશ્નો હોય, તે માટે અરજદારે જાહેર માહિતી અધિકારીને નવેસરથી આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નાં નિયમ–૩(૧) મુજબ નિયત ફી રૂા.૨૦/– જમા કરાવી જે જોઈતી માહિતી / દસ્તાવેજો મેળવવાનાં રહેશે."**

**—: હુકમ :—**

અરજદારની અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનાં મળેલ **નોંધ વિભાગ સહિતનો જવાબ / સાહિત્ય / દસ્તાવેજ કે પુર્તતા રીપોર્ટ જોતાં,** હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫/૬/૨૦૧૨ ની આઈ.ડી.નં.૫૨૯ અરજીથી માંગેલ દસ્તાવેજો / માહિતી અરજદારને નિયત સમયમર્યાદામાં આપવામાં આવેલ છે. તેમજ બાકી રહેલ વર્કઓર્ડરની નકલ/ ઈજારદારને મુળ કામની સોંપણીનાં હુકમની નકલ આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની કલમ ૭(૬) હેઠળ અરજદારને વિના મુલ્યે દિન–૭માં માહિતી / માંગેલ દસ્તાવેજો પુરી પાડવા જણાવવામાં આવે છે. **આમ, અરજદારે કરેલ અપીલ દફતરે કરવામાં આવે છે.** વધુમાં, અરજદારે પ્રથમ અપીલમાં કરેલ નવા પ્રશ્નો / માહિતી માટે નવેસરથી આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નાં નિયમ–૩(૧) મુજબ નિયત ફી રૂા.૨૦/– જમા કરાવી જે જોઈતી માહિતી / દસ્તાવેજો મેળવવાનાં રહેશે. અને તે જાહેર માહિતી અધિકારીએ નવી આઈ.ડી.અરજી રૂપે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી આપવાની રહેશે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ઘ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**Email :-exen@suratmunicipal.gov.in**

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી નરેશભાઈ એન.ભથવાર,
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ ,બ્રીજસેલ.......જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......
(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ)

# હુકમ –૭

**અપીલ અરજી નં.:**– એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૭/૨૦૧૨–૧૩, તા.૨૪/૯/૧૨

**અરજદાર** શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈ,

**સામાવાળા :**– એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી.(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈની તા.૨૧/૫/૧૨ની અરજી નં.સે.ઝોન/આર.ટી.આઈ./૧૪૩૬ તા.૨૨/૮/૧૨ થી અત્રેનાં ખાતાને તા.૨૩/૮/૧૨ ના રોજ મળેલ છે. જેમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૩ માં બ્રીજસેલ ખાતાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદારની આઈ.ડી.નં.૯૦૧ તા.૨૧/૫/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૨૪/૯/૧૨ ની પ્રથમ અપીલ નં.SMC/FAP/BRIDGE CELL/07/2012-13

**શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈની તા.૨૪/૯/૧૨ ની અપીલ અરજીનાં મુદૃાઓ,**

**મુદૃા નં.૩ :**– કલાકુંજ ખાડી બ્રીજ બજેટમાં આવરી લેવામાં આવ્યો છે તો તેનું બાંધકામ કેટલા સમયગાળામાં શરૂ કરવાના છો ? તે વિશે ચોકકસ માહિતી આપવી. આ બાબતે આપનો જવાબ બરાબર ન હોવાથી અમારે અપીલ કરવાની ફરજ ઉભી થઈ છે. આ અંગે અમોને યોગ્ય માહિતી આપવા બાબત.

જે સંદર્ભે બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી ડી.જે.પટેલ મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદૃા અંગે તેમનો પક્ષ રજુ કરવા તા.૨૮/૦૯/૧૨ થી અપીલ અધિકારી(બ્રીજ)એ તમામ વિગતો મંગાવેલ. જે બ્રીજસેલ/આર.ટી.આઈ./ ઇનવર્ડ / નં.૭/૧, તા.૩/૧૦/૧૨ થી પુર્તતા રીપોર્ટ સહીત મોકલેલ જાહેર માહિતી અધિકારીશ્રી(બ્રીજ) ના જણાવ્યા મુજબ અરજદારને તેમની માંગણી મુદૃા નં.૩ અંગે અરજદારે માંગેલ માહિતી કલાકુંજ ખાડી બ્રીજ બજેટમાં આવરી લેવામાં આવ્યો છે તો તેનું બાંધકામ કેટલા સમયગાળામાં શરૂ કરવાના છો ? તે વિશે ચોકકસ માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પ્રાપ્ય માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

અરજદારની અપીલ અરજી નં. એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૭/૨૦૧૨–૧૩, તા.૨૪/૦૯/૨૦૧૨ અન્વયે અપીલ અધિકારી તરફથી અરજદાર શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈને તેમની અપીલ અન્વયે તેમની રજુઆત તથા તેમનો પક્ષ રજુ કરવા રૂબરૂ તા.૫/૧૦/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા સારૂ, પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/૬/૧, તા.૦૧/૧૦/૨૦૧૨ થી જાણ કરવામાં આવેલ અને તેજ રીતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ)ને પણ તેમની રજુઆત કરવા સારૂ નિર્ધારીત સમયે હાજર રહેવા અંગે જાણ કરવામાં આવેલ. આમ, તા.૫/૧૦/૧૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ)ની કચેરી રૂમ નં.૧૧૮ માં અરજદારની અપીલ અન્વયે અપીલ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. આ સમયે અરજદાર શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈ બ્રીજસેલ ઓફિસમાં આવી અપીલની સુનાવણી / રજુઆત માટે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. અને બંને પક્ષે પોતાની રજુઆત રજુ કરેલ હતી. જેમાં અરજદાર ધ્વારા મુદૃા–૩ માં દર્શાવેલ ખાડી બ્રીજ બજેટમાં આવરી લેવાયો છે તો તેનું બાંધકામ કેટલા સમયમાં શરૂ કરવાનાં છો ? તે બાબતે સ્પષ્ટતા કરવાનું જણાવવામાં આવતાં અત્રેથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા સ્પષ્ટતા કરતાં જણાવેલ કે, " કલાકુંજ ખાડી પાસે ખાડી બ્રીજ બનાવવો કે ફલાય ઓવર બ્રીજ બનાવવો તે અંગે સક્ષમ સત્તા સમક્ષ નિર્ણય અર્થે દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. જે અંગે સક્ષમ સત્તા ધ્વારા આજ દિન સુધી કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી. જેથી ખાડી બ્રીજ કે ફલાય ઓવર બ્રીજનું બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે તે અંગે હાલનાં તબકકે જણાવી શકાય તેમ નથી." તે મુજબ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફે સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતે, અરજદાર શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈ તરફથી રજુ કરવામાં આવેલ પ્રથમ આર.ટી.આઈ.એકટની અરજી તા.૨૧/૫/૧૨ ની અરજીની રૂ એ જે માહિતી અત્રેના ખાતા ધ્વારા પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./ ૩૩ તા.૧૫/૦૯/૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર,બ્રીજસેલ (શ્રી ડી.જે.પટેલ ) તરફથી આપવામાં આવેલ જે યોગ્ય અને સાચી છે. તેમછતાં, અરજદારને જો કોઈ અસંતોષ હોય તો તે બાબતે તેઓના સ્પષ્ટ જણાવ્યેથી માહિતી પુરી પાડવામાં આવેલ. આમ, તા.૫/૧૦/૨૦૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી તથા ખાતાના હેડ કલાર્કની હાજરીમાં અપીલ અધિકારીની કચેરીમાં અપીલ અધિકારી સમક્ષ અપીલ અંગેની કાર્યવાહી ચલાવવામાં આવેલ.

આમ, અરજદારનો પત્ર તથા જાહેર માહિતી અધિકારી તરફથી રજુ કરવામાં આવેલ પુર્તતા રીપોર્ટ અપીલ સંદર્ભે તેઓનાં લેખિત પુરાવા સહિત પુર્તતા રીપોર્ટ તથા તેઓએ રજુ કરેલ માહિતી અંગેનાં દસ્તાવેજો જોતાં, અપીલ અધિકારી તરફથી મજકુર અરજદારની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧/૫/૧૨ ની આઈ.ડી.નં.૯૦૧ અરજી અત્રેનાં ખાતાને તા.૨૩/૮/૧૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનનાં પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૪૩૬ થી તબદીલ થયેલ. જેમાં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયતસમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.અને અરજદાર શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈ પોતાનાં તા.૨૪/૯/૧૨ ના પત્ર નં. બ્રીજસેલ આર.ટી.આઈ./અપીલ /ઈનવર્ડ/૭ થી પોતાને મળેલ માહિતીથી નારાજ થઈ લેખિત રજુઆત કરેલ છે. જે જોતાં,અરજદારને તેઓની મુળ અરજીનાં સંદર્ભેમાં જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેનાં પત્ર નં. બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./૩૩ તા.૧૫/૦૯/૧૨ થી મુદ્દા નં.૧ થી ૩ સંદર્ભે માંગેલ માહિતી યોગ્ય અને સ્પષ્ટ આપવામાં આવેલ જ છે. જેથી અરજદારે કરેલ અપીલ દફતરે કરવામાં આવે છે. આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈ
....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ,બ્રીજસેલ.......

(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............

# હુકમ નં.૮

**અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈ.ડી.નં.૧૨૦૦ તા.૦૧/૧૦/૧૨ ની અરજી સંદર્ભે કરેલ અપીલ અરજી અંગેની માહિતીનું વિવરણ**

**અપીલ નંબર :–** બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/ઈનવર્ડ નં./૦૮ અપીલની તારીખ :–૦૬/૧૧/૧૨.

**૧.અરજીની તારીખ :–** આઈ.ડી.નં.૧૨૦૦, તા.૦૧/૧૦/૨૦૧૨.

**નોંધ :–** અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૨૦/૧૧/૧૨ નાં રોજ એક સાથે મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદારની માહિતીનાં સંદર્ભે , મુદ્દા નં. ૧ થી ૪ સંદર્ભે ૪૦૦૦ કરોડરૂા.ના વિકાસ કામ અંગેની માહિતી. (૧) સુરત મહાનગરપાલિકાનાં મહેરબાન કમિશ્નરશ્રીનાં જણાવ્યા અનુસાર મુખ્યમંત્રીનાં હસ્તે ખાતમુર્હત રૂા.૨૨૦૦ કરોડનાં વિકાસનાં કામોનાં વર્કઓર્ડર આપી દીધેલ છે. સદર ૨૨૦૦ કરોડના કામોની દરખાસ્તની અને ઠરાવની માહિતી.(૨) ૧૮૦૦ કરોડ રૂા.નાં કામો ચાલુ હોય જેની દરખાસ્તની અને ઠરાવની માહિતી.(૩) ભુતકાળની જેમ સદર પ્રોજેકટની કામગીરીમા ઢીલાસ થશે નહી જે અંગે બે મહિને કમિટી કામી વિગતનો રીપોર્ટ રજુ કરશે એટલે કે ભુતકાળમાં મહે.કમિશ્નરશ્રી મેડમે લાલીયાવાડી ચલાવી હોય જે અંગેની માહિતી.(૪) હવે વિવિધ વિભાગો સાથે સંકલનનો પ્રશ્ન ઉકેલાયો છે. વીજકંપની, વનવિભાગ સહિતનાં વિભાગો સાથે સંકલન સંધાયેલ હોવાથી કોઈપણ પ્રોજેકટ ડીલે થશે નહી અને થશે તો પ્રોજેકટ મોનીટરીંગ કમિટિની જવાબદારી અંગેની માહિતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

અરજદારની અરજી સંદર્ભે જણાવવાનું કે, અરજદારની મુળ અરજી જે તા.૦૧/૧૦/૧૨ નાં રોજ કરવામાં આવેલ હતી. તે મુળ અરજી અને અપીલ અરજી જે તા.૦૬/૧૧/૨ ના રોજ કરવામાં આવેલ છે. જે હકીકતમાં અત્રેનાં ખાતાને તા.૨૦/૧૧/૧૨ નાં રોજ અરજદારની મુળ અરજી નં.સે.ઝોન/ આર.ટી.આઈ./જા.નં./૨૨૮૬ ,તા.૧૯/૧૧/૧૨ તથા અપીલ અરજી નં.સે.ઝોન/ આર.ટી.આઈ./ જા.નં./૨૨૮૭,તા.૧૯/૧૧/૧૨ એકી સાથે સેન્ટ્રલ ઝોન ધ્વારા તબદીલ કરવામાં આવેલ છે. જે સંદર્ભે અત્રેનાં વિભાગ ધ્વારા હવે સૌ પ્રથમ અરજદારની મુળ અરજી અંગેની કાર્યવાહી સંદર્ભે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી જે.એન.મહિડા ધ્વારા અરજદારની મુળ અરજી અંગે અરજદારને ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ માટે અરજદારને આર.ટી.આઈ.એકટ નાં નિયમાનુસાર અરજદારને જરૂરી ફી માટેનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./૪૫ તા.૧૮/૧૨/૧૨ થી જણાવવામાં આવેલ છે. તથા પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./૪૫/૧ તા.૧૮/૧૨/૧૨ થી મુદ્દા નં.૧ અને૨ ની માહિતી માટે જરૂરી ફી ભરવા તથા મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી અત્રેનાં ખાતાનો રેકર્ડ ઉપલબ્ધ નથી. એમ જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી હજુ સુધી કોઈ લેખિત / મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી કે જરૂરી દસ્તાવેજો માટે ફી પણ જમા કરાવેલ નથી. જેથી ફરી અરજદારને અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.નં./૪૫/૨ તા.૦૯/૦૧/૧૩ થી ફરી યાદ પત્ર પાઠવી જરૂરી ફી જમા કરાવી ઉપલબ્ધ માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદારની અરજી આઈ.ડી.નં.૧૨૦૦ તા.૦૧/૧૦/૧૨ થી માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૪ ની માહિતીનો કોઈપણ પ્રકારનો જવાબ મળેલ નથી. જેથી નારાજ થઈ અરજદારે તા.૦૬/૧૧/૧૨ નાં રોજ અપીલ અરજી કરેલ છે.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદારની મુળ અરજી અને અપીલ અરજી એકી સાથે મળેલ હોવાથી અરજદારની મુળ અરજી અંગે વધુ આગળની કાર્યવાહી અત્રેથી કરવામાં આવેલ છે. પરંતુ અરજદાર તરફથી કોઈ પ્રત્યુતર પાઠવવામાં આવેલ નથી.

**હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજી આઈ.ડી.નં.૧૨૦૦, તા.૦૧/૧૦/૧૨ થી માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી જે.એન.મહિડા તરફથી અરજદારને આર.ટી.આઈ.નાં નિયમાનુસાર જરૂરી દસ્તાવેજો માટે ફી જમા કરાવવા જણાવવામા આવેલ છે. પરંતુ અરજદાર તરફથી કોઈ મૌખિત / લેખિત માહિતી અત્રેનાં ખાતાને પ્રાપ્ત થયેલ નથી. તથા અરજદારની અપીલ અરજી સાથે જ મુળ અરજીની નકલ અત્રેનાં ખાતાને તા.૨૦/૧૧/૧૨ નાં રોજ મળેલ હોવાથી અરજદારની અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની મુળ અરજી સંદર્ભે અત્રેનાં ખાતા ધ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ જા.માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી જે.એન.મહિડા તરફથી જરૂરી કાર્યવાહી કરવામા આવેલ છે. જેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. હવે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી પ્રશ્નો અંગે આર.ટી.આઈ. એકટની નિયમ અને જોગવાઈ અનસુાર અલાયદી અરજી કરી માહિતી સ્વતંત્ર છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./...............
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર,શ્રી જે.એન.મહીડા,બ્રીજસેલ.......
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,

# હુકમ નં.૯

## અરજદારશ્રી શ્રી ઝમીર ઝેડ. શેખની અપીલ અંગેની વિગતોનું વિવરણ

**અપીલ નંબર :–** નં. SMC/FAP/BRIDGE CELL/09/2012-13, **અપીલની તારીખ :–** તા.૧૬/૧/૧૩.

**૧.અરજીની તારીખ :–** તા.૦૧/૧૨/૧૨, આઈ.ડી.નં.૧૬૦૮. અત્રેનાં ખાતામાં તબદીલ બ્રીજસેલ/ આર.ટી.આઈ./ઈનવર્ડ નં./૪૨ તા.૪/૧૨/૧૨.

**૨.માંગેલ માહિતી :–** તાપી નદી પર બની રહેલ પાલ– અઠવાલાઈન્સને જોડતા કેબલ સ્ટે બ્રીજ બાબત.

(૧) કેબલ સ્ટે બ્રીજ જેનો ટેન્ડર ગેમન ઈન્ડીયાને એવોર્ડ કર્યો છે તે અંગે ભાવનગર પાલિકા પાસેથી અભિપ્રાય /માહિતી માંગેલ તેના જવાબમાં ભાવનગર પાલિકાએ કઈ માહિતી ઉપલબ્ધ કરાવેલ. ભાવનગરપાલિકાએ કેટલા કેબલ સ્ટે બ્રીજ બનાવ્યા, તેની વિગત એસ.એમ.સી.ના રેકર્ડ પર છે ? જો સુરત મહાનગરપાલિકાના કન્સલટન્ટએ યોગ્ય માહિતી અને સેવા ઉપલબ્ધ કરાવી ન હોય તો એસ.એમ.સી.એ કન્સલટન્ટ પર પેનલ્ટી ઈમ્પોઝ કરેલ ખરી ?

(૨) ગેમન ઈન્ડીયાએ કેબલ સ્ટે બ્રીજ બનાવવા માટે લેબર એન્ગેજ કર્યા છે તે તમામનાં નામ– સરનામા અને ફોન નંબરની યાદી તથા ગેમન ઈન્ડીયાએ નોંધણી કરાવી હોય તો લેબર કમિશનનું રજીસ્ટ્રેશન નકલ. સાઈટ પર કામ કરતા લેબરનું સાઈટ એન્જીનીયર(એસ.એમ.સી.)વેરીફાય કર્યુ હોય તે લીસ્ટ.

(૩) કેબલ સ્ટે બ્રીજના ત્રણ વખતનાં ટેન્ડર શીડયુલની માહિતી તેમજ રેટ એનાલીસીસના આધારની વિગત તથા રેટ કયાંથી લીધા તેની વિગત આપવી.

(૪) ટેન્ડર આઈટમ નં.૭–૧ અને સ્ટેટમેન્ટ –ડી મુજબ કોન્ટ્રાકટરએ રોકેલ ટેકનીકલ સ્ટાફનું લીસ્ટ એસ.એમ.સી.ના સાઈટ એન્જીનીયર ધ્વારા વેરીફાઈ કરાવેલ.

(૫) ટેન્ડર આઈટમ નં.૭–૩ તેમજ સ્ટેટમેન્ટ–ઈ મુજબ મશીનરી અને ઈકવીપમેન્ટ સાઈટ પર હાજર હોવાનું ખરાઈ કરેલ. એસ.એમ.સી.નાં એન્જીનીયર વેરીફાઈ કરેલ લીસ્ટ.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

શ્રી જે.એન.મહિડા,જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (બ્રીજ) ધ્વારા પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ.નં./૪૮ તા.૨૯/૧૨/૧૨થી અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી અને દસ્તાવેજો માટે પાના નંગ ૧૪૨ માટે રૂા.૨૮૪/– જમા કરાવવા પત્ર લખવામાં આવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન રસીદ નં.૪૮૩૨૮૯ તા.૩/૧/૧૩ નાં રોજ રૂા.૨૮૪/– જમા કરાવતા અરજદારશ્રીને રૂબરૂમાં હાથોહાથ પાના નંગ ૧૪૨ ની અત્રે દફતરી રેકર્ડ મુજબ ઉપલબ્ધ નકલો તા.૩/૧/૧૩ ના રોજ આપવામાં આવેલ હતી.

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ) શ્રી જે.એન.મહીડા ધ્વારા બ્રીજસેલ / આર.ટી.આઈ./આ.વ.નં.૪૮/૧ તા.૨૯/૧૨/૧૨ ના પત્રથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી નીચે મુજબ આપવામાં આવેલ.

મુદ્દા નં. ૧ ની પુર્તતા મુજબ કેબલ સ્ટે બ્રીજંના કામે ભાવનગર પાલિકા ધ્વારા કોઈ માહિતી ઉપલબ્ધ કરાવેલ નથી તથા ભાવનગરપાલિકાએ કેટલા કેબલ સ્ટે બ્રીજ બનાવ્યા તેની વિગત અત્રેનાં ખાતામાં ઉપલબ્ધ નથી. કાર્યપાલક ઈજનેરશ્રી, ભાવનગર ( આર.એન્ડ બી. ડીવીઝન) ધ્વારા આપવામાં આવેલ માહિતીની નકલ તા.૩/૧/૧૩ નાં રોજ આપવામાં આવેલ તથા સુરત મહાનગરપાલિકાએ કન્સલટન્ટ પર કોઈ પેનલ્ટી ઈમ્પોઝ કરેલ નથી.

મુદ્દા નં.૨ ની પુર્તતા મુજબ ઈજારદારનું લેબર કમિશ્નરનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ તથા લેબર સાઈટ ઉપર કામ કરતી હોય તેનું એસ.એમ.સી. ધ્વારા રોકવામાં આવેલ. પી.એમ.સી.ધ્વારા વેરીફાઈ કરેલું લીસ્ટની નકલ તા.૩/૧/૧૩ ના રોજ હાથો હાથ આપવામાં આવેલ હતી.

મુદ્દા નં.૩ ની પુર્તતા મુજબ ટેન્ડરના ત્રણ વખતનાં શીડયુલ–બી(પ્રાઈઝ બીડ) ની માહિતી તેમજ રેટ એનાલીસીસ તથા રેટની એબ્સ્ટ્રેકટની ઉપલબ્ધ માહિતીની નકલ તા.૩/૧/૧૩ના રોજ હાથો હાથ આપવામાં આવેલ હતી.

મુદ્દા નં.૪ ની પુર્તતા મુજબ માહિતી અત્રે ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.૫ ની પુર્તતા બાબતે સ્ટેટમેન્ટ–ઈ મુજબ મશીનરી અને ઈકવીપમેન્ટ સાઈટ પર હાજર હોવાનું એસ.એમ.સી. વતી રોકવામાં આવેલ પી.એમ.સી. ધ્વારા રજુ કરેલ ઈકવીપમેન્ટ અને મશીનરીનું લીસ્ટની નકલ તા.૩/૧/૧૩ ના રોજ હાથોહાથ આપવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–**

શ્રી જે.એન.મહિડા,જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (બ્રીજ) તરફથી આપવામાં આવેલ માહિતી અધુરી અને અપુરતી આપવામાં આવેલ છે તથા અરજદારને યોગ્ય અને જવાબદાર વ્યકિતનાં સહી સિકકા વગરની માહિતી આપવામાં આવેલ છે જેથી અરજદાર ધ્વારા જવાબની નારાજ થઈ અપીલ કરેલ છે.જે સંદર્ભે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા અરજદારને પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ/આ.નં./ ૭/૧, તા.૧૨/૨/૧૩ થી તા.૧૮/૨/૧૩ ના રોજ પોતાનો પક્ષ રજુ કરવા બોલાવેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને પણ પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/આ.નં./૦૭ તા.૧૯/૧/૩ થી પોતાનો પક્ષ / રજુઆત જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તા.૧૮/૨/૧૩ નાં રોજ હાજર ન રહેતા અપીલ અધિકારી ધ્વારા ફરીથી તેઓને પોતાનો પક્ષ રજુ કરવા પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/આ.નં./૭/૨ તા.૨૦/૨/૧૩ થી તા.૨૭/૨/૧૩ નાં રોજ બોલાવવામં આવેલ. પરંતુ અપીલ અધિકારી અગત્યના વહીવટી કામમાં રોકાયેલ હોવાથી અરજદારને રૂબરૂ મળી તા.૪/૩/૧૩ નાં રોજ સાંજનાં ૫ઃ૦૦ કલાકે અરજદારનો પક્ષ / રજુઆત સાંભળેલ હતી.

અપીલ અધિકારી ધ્વારા અરજદારની રજુઆત સદર્ભે જણાવવામાં આવેલ હતું કે, અરજીનાં મુદ્દા નં.૧ અંગે ભાવનગર આર.એન્ડ બી. ડીવીઝન ધ્વારા આપવામાં તથા દફતરી રેકર્ડમાં જે પેપર્સ ઉપલબ્ધ હતા તે પેપરની નકલ આપવામાં આવેલ છે.

મુદ્દા નં.(૨) ગેમલ ઈન્ડીયાએ એન્ગેજ કરેલ લેબરના નામ– સરનામા તથા ફોન નંબરવાળી માહિતી અત્રેના દફતરી રેકર્ડમાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.(૩) એસ.એમ.સી.નાં સાઈટ એન્જીનીયર ધ્વારા વેરીફાય કરેલ કોન્ટ્રાકટરે એપ્લોય કરેલ ટેકનીકલ સ્ટાફનું લીસ્ટ અત્રેના દફતરી રેકર્ડમાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.(૪) મશીનરી અને ઈકવીપમેન્ટ બાબતે જણાવવાનું આવેલ કે સાઈટ પર જે ચાલતી કામગીરીને અનુરૂપ જરૂરીયાત મુજબની મશીનરીનો ઉપયોગ કરી કામગીરી કરાવવામાં આવે છે.

વધુમાં, અપીલ અધિકારી ધ્વારા અરજદારને દફતરી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી મેળવી લેવા માટે જણાવવામાં આવેલ હતું. પરંતુ અરજદાર ધ્વારા આ અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજ) તરફથી નં.બ્રીજસેલ/FAP/OUT NO.07/2012-13 તા.૧૯/૧/૧૩ થી પુર્તતા રીપોર્ટ માંગતાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ) શ્રી જે.એન.મહિડા તરફથી તા.૪/૨/૧૩ નાં રોજ પુર્તતા રીપોર્ટ રજુ કરેલ. જે સંદર્ભે તેઓએ અરજદારને આપેલ સંપુર્ણ માહિતી સાચી અને ઉલપબ્ધ રેકર્ડ મુજબની આપવામાં આવેલ છે.

**૬. રીમાકર્સ :––** ———

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૧/૧૨/૧૨, આઈ.ડી.નં.૧૬૦૮ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી રેકર્ડને આધારે અરજદારને પુરી પાડવામાં આવેલ છે. તથા અરજદારે બ્રીજસેલ હસ્તકનાં કેબલ સ્ટે બ્રીજ બનાવવાનાં કામે માંગેલ માહિતીનાં મુદ્દાઓની પુર્તતા / રજુઆત જે તે સમયે દફતરી રેકર્ડ મુજબ આપવામાં આવેલ છે. અપીલની સુનાવણીમાં અન્ય કોઈ વધારાની માહિતી / દસ્તાવેજો ચકાસણી / નકલો જોઈતી હોય તો તે પણ દફતરી રેકર્ડની ચકાસણી કરી મેળવી લેવા જણાવવામાં આવેલ પરતું તે અંગે અરજદાર ધ્વારા દફતરી રેકર્ડની ચકાસણી કરવામા આવેલ નથી. અને વધારાની અન્ય કોઈ માહિતી માંગેલ નથી. આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./...............
તા............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી ઝમીર ઝેડ. શેખ,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ,બ્રીજસેલ.......

(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............

# હુકમ નં.૧૦

**અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અપીલ અંગેની વિગતોનું વિવરણ**

**અપીલ નંબર :–** નં.SMC/FAP/BRIDGE CELL/10/2012-13, **અપીલની તારીખ :–** તા.૧૬/૧/૧૩

અત્રે તબદીલ તા.૨૩/૧/૧૩.

**૧.અરજીની તારીખ :–** તા.૧૭/૧૧/૧૨ આઈ.ડી.નં.૧૫૬૨.

**૨.માંગેલ માહિતી :–** હજીરા રોડ પરનાં અડાજણ ગેસ સર્કલ ઓવર બ્રીજનાં અધુરી કામગીરી કરેલ હોવા છતાં ડેવીએશન ચુકવવા અંગેની માહિતી તથા આ કામે આવેલ કુલ ૩ ટેન્ડરરો પૈકી બાકી રહેલ બે ટેન્ડરોની દરખાસ્તની માહિતી તથા ઈજારદાર સાથે કરેલ કરારનામાની નકલ બાબત.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** શ્રી ડી.જે.પટેલ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (બ્રીજ) તરફથી પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.નં./૪૬, તા.૧૮/૧૨/૧૨થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીની નકલો બી.પી.એલ કાર્ડ રજુ કરેલ હોય, વિના મુલ્યે માહિતી આપવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–** શ્રી ડી.જે.પટેલ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (બ્રીજ) તરફથી આપવામાં આવેલ માહિતી અરજદારને આજદિન સુધી મળેલ નથી. તેમ જણાવી અપીલ કરેલ છે.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજ) તરફથી નં.બ્રીજસેલ/ FAP/OUT NO.10/2012-13 તા.૨૯/૧/૧૩ થી પુર્તતા રીપોર્ટ માંગતાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ) શ્રી ડી.જે.પટેલ તરફથી તા.૧૨/૨/૧૩ નાં રોજ પુર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં.૧ અને ૨ સંદર્ભે અત્રેના ખાતાને લાગુ અને ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી પાના નંગ ૨૪ અરજદારને અત્રેના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વનં./૪૬ તા.૧૮/૧૨/૧૨ થી પુરી પાડવામાં આવેલ હતી.

**૬. રીમાર્કર્સ :–**અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજ) તરફથી નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.નં./૮/૧, તા.૧૩/૨/૧૩ થી અરજદારશ્રીને પોતાનો પક્ષ રજુ કરવા માટે તથા સાંભળવા તા.૧૮/૨/૧૩ નાં રોજ સાંજના ૪ઃ૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ હતા પરંતુ તેઓ તેમનો પક્ષ રજુ કરવા હાજર રહયા ન હતા. વધુમાં, અરજદાર તરફથી પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/૧૨૧૬ તા.૧૬/૨/૧૩ થી પ્રથમ માંગેલ માહિતીની નકલો પુરી પાડવાની તસ્દી લેશો પછી જ પક્ષ રજુ કરવા તથા સાંભળવા પત્ર પાઠવશો તેમ રજુઆત કરવામાં આવેલ હતી.

આમ, ઉપરોકત હકીકત હોવાથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) તરફથી પોસ્ટ માસ્તરશ્રી, મુગલીસરા, સુરતને અરજદારશ્રીને અત્રેથી પાઠવવામાં આવેલ પત્ર પોસ્ટ ઓફીસની રસીદ નં. ARG 518578212IN થી આર.પી.એ.ડી. કરેલ જેની પહોંચ આજદીન સુધી અત્રેના ખાતાને નહી મળતા વળતી ટપાલે પહોંચ મોકલી આપવા બ્રીજસેલ/આ.નં.૨૩૨૦ તા.૧૦/૨/૧૩ થી જણાવવામાં આવેલ હતું જેના સંદર્ભમાં પોસ્ટ માસ્તરશ્રી,મુગલીસરા તરફથી બ્રીજસેલ ઈનવર્ડ નં.૪૪૩૭ તા.૨૨/૨/૧૩ થી જણાવવામાં આવેલ કે તા.૨૦/૧૨/૧૨ ના રોજ અરજદારને બ્રીજસેલ તરફથી મોકલવામાં આવેલ માહિતી આપતો પત્ર મળી ગયેલ છે.

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) તરફથી બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/આ.નં./૮/૨ તા.૨૫/૨/૧૩ ના પત્રથી અરજદારશ્રીને સબપોસ્ટ માસ્ટર (LSG ) , મુગલીસરા તરફથી મળેલ પત્રની નકલ સામેલ રાખી માંગેલ માહિતી તા.૨૦/૧૨/૧૨ થી આપને પહોંચતી કરવામાં આવેલ હોવાથી તા.૧૬/૨/૧૩ ની રજુઆત ગ્રાહય રાખવા જોગ નથી તેમ જાણ કરતો પત્ર પાઠવવામાં આવેલ હતો.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭/૧૧/૨૦૧૨ ની આઈ.ડી.નં.૧૫૬૨ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. અરજદાર તરફથી અપીલ અરજીમાં જણાવવામાં આવેલ કે માંગેલ માહિતી મળેલ નથી. જે સબ પોસ્ટ માસ્ટર (LSG ), મુગલીસરા, સુરત ના પત્રથી અરજદારને તા.૨૦/૧૨/૧૨ ના રોજ મોકલેલ માહિતી અરજદારને મળી ગયેલ હોવાનું જણાવવામાં આવતાં અરજદાર તરફથી કરવામાં આવેલ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,

....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ,બ્રીજસેલ.......

(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............

# હુકમ નં.૧૧

**અપીલ અરજી નં.:–** એસ.એમ.સી./પ્રથમ અપીલ/બ્રીજસેલ/૧૧/૨૦૧૨–૧૩, તા.૬/૨/૧૩

**અરજદાર :–** શ્રી દિલીપભાઈ ચીમનલાલ જી.સાહેબ,

**સામાવાળા :–** એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી.(બ્રીજસેલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી દિલીપભાઈ ચીમનલાલ જી.સાહેબની તા.૨૭/૧૨/૧૨ની અરજી અત્રેનાં ખાતાને તા.૧/૧/૧૩ના રોજ મળેલ છે. જેમાં અરજદાર ધ્વારા લાલ દરવાજા – પટેલવાડી નં.૩ માં પડી રહેલ મશીનરી અને બાંધકામ મટીરીયલ્સ બાબત.

**સંદર્ભ :–** અરજદારની આઈ.ડી.નં.૧૭૪૨ તા.૨૭/૧૨/૧૨ અન્વયે અરજદાર મજકુરની તા.૩૧/૧/૧૩ ની પ્રથમ અપીલ નં.SMC/FAP/BRIDGE CELL/11/2012-13

શ્રી દિલીપભાઈ ચીમનલાલ જી.સાહેબ**ની તા.૨૭/૧૨/૧૨ ની અરજીનાં મુદૃાઓ,**

- અરજદાર ધ્વારા માંગેલ માહિતી અરજી મુજબ,

*"લાલ– દરવાજા પટેલ વાડી નં.૩ માં માજી કોર્પોરેટર ગીરીશભાઈ કંથારીયાની સામે પુલ બનાવવાની કોલ બનાવવાની મશીનરી મુકેલ છે. તે રેતી– સીમેન્ટ તેમજ કપચી જે બાંધકામનું મટીરીયલ્સ મુકેલ છે. તેની આજુ બાજુ વસવાટ ( રેસીડેન્ટ) આવેલ છે. એ સીમેન્ટ ઉડવાથી પબ્લીકને હાનીકારક છે એ કારણથી કોલ બનાવવાનું મશીન ગેરકાયદેસર છે અને એ કોની મંજુરીથી મુકવામાં આવેલ છે. તેમજ ગેરકાયદેસર મશીનરી પણ મુકેલ છે. જેનાં કોઈપણ જાતની પરમીશન લીધેલ નથી તો એ તમામ બાબત માહિતી આપવા બાબત જે ખર્ચ હશે તે મંજુર "*

- જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ) શ્રી જે.એન.મહીડા ધ્વારા અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./૫૧ તા.૨૩/૧/૧૩ થી અરજદારને આપવામાં આવેલ માહિતી,

**મુદૃો** *" દીલ્હીગેટ ફલાય ઓવર બ્રીજનું કામ સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૪૨૮/૦૯ તા.૨૩/૧૦/૦૯ને આધિન ઈજારદાર રાજકમલ બિલ્ડર ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.,અમદાવાદને સોંપવામાં આવેલ છે. ટેન્ડર શરતો મુજબ ઈજારદારે ક્રોકીટ બનાવવા માટે ઓટોમેટીક બેચીગ પ્લાન્ટ નાંખવા અંગે તા.૨૨/૬/૧૧નાં પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજ)ને એક અરજી કરેલ જે અન્વયે અત્રેનાં ખાતાનાં તા.૧/૭/૧૧ નાં પત્રથી સુચિત જગ્યાએ બેચીગ પ્લાન્ટ નાંખવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી,નોર્થ ઝોનને અભિપ્રાય આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં નોર્થ ઝોનનાં તા.૨૭/૭/૧૧ નાં પત્રથી આ જગ્યાએ બેચીગ પ્લાન્ટ વિગેરે નાંખવામાં આવે તો વાંધાજનક નથી તેવુ જણાવવામાં આવેલ છે. અને તે મુજબ ઈજારદાર ધ્વારા આ જગ્યાએ બેચીગ પ્લાન્ટ સ્થાપેલ છે. સીમેન્ટનું લોડીગ / અનલોડીગ સીમેન્ટનાં બંધ બંકરમાંથી કરવામાં આવે છે."*

જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૩૧/૧/૧૩ નાં રોજ પ્રથમ અપીલ અરજી કરેલ જેમાં, તેઓનાં મુદૃાઓ નીચે મુજબ છે.

(૧) આ પ્લાનની જગ્યાની આજુ બાજુમાં દલીલ સમાજનાં લોકોનાં ઘર આવેલ છે.

(૨) જાહેર રસ્તા ઉપર આ પ્લાન્ટ આવેલ છે.

(૩) સીમેન્ટનાં રજકરણનાં લઈને માણસનાં આરોગ્યને હાની થાય માણસને જીવન મરણ વચ્ચેનું ઘણું મોટું જોખમ કરેવાય છે. આરોગ્યની દષ્ટીએ ઘણું જ ખરાબ કહેવાય છે.

(૪) સદર બ્રીજનાં બાંધકામનું સ્થળ શહેરનાં મુખ્ય રીગરોડ છે. સુરત શહેરમાં બહારગામથી આવનાર ઘણી પ્રજા સુરત રેલ્વે સ્ટેશનથી માર્કેટ કે શહેરમાં વસતા લોકોને ટ્રાફીક સમસ્યાનો સામનો કરવો પડે છે તેમજ લોકોના જીવ જોખમમાં ન મુકાય તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. તથા પોલીસને જાણ કર્યા વગર ચાલુ રસ્તાનો વાહન વ્યવહાર બંધ કરવામાં આવે છે. વિગેરે .......

જે સંદર્ભે બ્રીજસેલ વિભાગનાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી જે.અને.મહીડા મારફત અરજદારની મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહીત આપેલ જવાબની નકલ તથા અપીલનાં મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા તા.૧૮/૦૨/૧૩ થી અપીલ અધિકારી(બ્રીજ)એ તમામ વિગતો મંગાવેલ. જે તા.૧૮/૦૩/૧૩ થી પુર્તતા રીપોર્ટ સહીત મોકલેલ જાહેર માહિતી અધિકારીશ્રી(બ્રીજ) ના જણાવ્યા મુજબ અરજદાર ધ્વારા અપીલમાં દર્શાવેલ મુદ્દા અરજીના મુદ્દાથી જુદા પડે છે.અરજદાર ધ્વારા માંગવામાં આવેલ મુદ્દા મુજબની ઉપલબ્ધ માહિતી તેઓશ્રીને પુરી પાડવામાં આવેલ છે. આમ છતાં અરજદારને આ બાબતની અન્ય કોઈ માહિતી જોઈતી હોઈ તો તે અંગે ફરીથી અરજી કરી નવેસરથી માહીતિ માંગવાની રહે. હાલમાં અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલની અરજી અન્વયેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી તથા મુળ અરજી તથા અપીલ અરજીના મુદ્દા અલગ અલગ પડે છે.

આમ, અરજદારનો પત્ર તથા જાહેર માહિતી અધિકારી તરફથી રજુ કરવામાં આવેલ પુર્તતા રીપોર્ટ અપીલ સંદર્ભે તેઓનાં લેખિત પુરાવા સહિત પુર્તતા રીપોર્ટ તથા તેઓએ રજુ કરેલ માહિતી અંગેનાં દસ્તાવેજો જોતાં, અપીલ અધિકારી તરફથી મજકુર અરજદારની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલના નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭/૧૨/૧૨ ની આઈ.ડી.નં.૧૭૪૨ અરજી અત્રેનાં ખાતાને તા.૧/૧/૧૩ થી તબદીલ થયેલ. જેમાં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયતસમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.અને અરજદાર શ્રી દિલીપભાઈ ચીમનલાલ જી.સાહેબ પોતાનાં તા.૩૧/૧/૧૩ ના પત્ર નં. બ્રીજસેલ આર.ટી.આઈ./અપીલ /ઈનવર્ડ/૧૧ તા.૬/૩/૧૩ થી પોતાને મળેલ માહિતીથી નારાજ થઈ લેખિત રજુઆત કરેલ છે. જે જોતાં,અરજદારને તેઓની મુળ અરજીનાં સંદર્ભેમાં જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેનાં પત્ર નં. બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ./૫૧ તા.૨૩/૦૧/૧૩ થી માંગેલ માહિતી યોગ્ય અને સ્પષ્ટ આપવામાં આવેલ જ છે. આમ, અરજદારે કરેલ અપીલ દફતરે કરવામાં આવે છે. વધુમાં, અરજદારે પ્રથમ અપીલમાં કરેલ નવા પ્રશ્નો / માહિતી માટે નવેસરથી આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નાં નિયમ–૩(૧) મુજબ નિયત ફી રૂા.૨૦/– જમા કરાવી જે જોઈતી માહિતી / દસ્તાવેજો મેળવવાનાં રહેશે. અને તે જાહેર માહિતી અધિકારીએ નવી આઈ.ડી.અરજી રૂપે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી આપવાની રહેશે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**Email :-** exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા.............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) શ્રી દિલીપભાઈ ચીમનલાલ જી.સાહેબ,

.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની,બ્રીજસેલ.......

(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

(૪) હેડ કલાર્કશ્રી(બ્રીજ) પ્રતિ..............